સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 16

[APRIL - 2023]
[16/04/23 to 22/04/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.



CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**16 APR-2023**


- દિવસ મહિમા : 16 એપ્રિલ, વિશ્વ અવાજ દિવસ (World Voice Day) ........ 02
- ભૂટાનના રાજાની ભારત મૂલાકાત ........ 02
- QUESTION ANSWERS ........ 05


**17 APR-2023**


- દિવસ મહિમા : 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ ........ 06
- મોઝામ્બિકમાં ભારતીય સહાયથી બનેલ બુઝી બ્રિજનું ઉદ્‌ઘાટન ........
- Exercise Cope India 2023 ........ 07
- QUESTION ANSWERS ........ 08


**18 APR-2023**


- દિવસ મહિમા : 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day) ........ 09
- મિસ ઈન્ડિયા - 2023 : સુશ્રી નંદિની ગુપ્તા ........ 09
- ડિજિટલ હેલ્થ સમિટ 2023 (Digital Health Summit 2023) ........ 11
- પશુ મહામારી તૈયારી પહેલ અને એનિમલ હેલ્થ સિસ્ટમ સપોર્ટ ફોર વન હેલ્થ ........ 12
- QUESTION ANSWERS ........ 14


**19 APR-2023**


- દિવસ મહિમા : 19 એપ્રિલ, વિશ્વ યકૃત દિવસ (World Liver Day) ........ 15
- Mission 50K - EV4ECO ........ 15
- રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર સપ્તાહ (National Panchayat Awards Week) ........ 16
- CAPF કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી) પરીક્ષા 13 ભાષાઓમાં લેવામાં આવશે ........ 16
- QUESTION ANSWERS ........ 17


**20 APR-2023**


- જામનગર ભારતનો સૌથી વધુ નિકાસ કરનારો જિલ્લો ........ 18
- નાગરિક સંઘ અને લગ્નનો ખ્યાલ (Civil Union and Concept of Marriage) ........ 19
- ડિજિટલ હાઈવે (Digital Highways) ........ 21
- QUESTION ANSWERS ........ 23


**21 APR-2023**


- દિવસ મહિમા : 21 એપ્રિલ, નેશનલ સિવિલ સર્વિસ ડે, વિશ્વ સર્જનાત્મકતા અને નવીનતા દિવસ ........ 24
- નેશનલ ક્વોન્ટમ મિશન (National Quantum Mission) ........ 25
- ભારત વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો દેશ : UN ........
- QUESTION ANSWERS ........ 29


**22 APR-2023**


- દિવસ મહિમા : 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day) ........ 30
- વૈશ્વિક બૌદ્ધ સમિટ 2023 ........ 30
- જળાશયોની પ્રથમ ગણતરી : સૌથી વધુ તળાવો અને જળાશયો ધરાવતા રાજ્યોની યાદીમાં બંગાળ પ્રથમ ક્રમે ........ 32
- QUESTION ANSWERS ........ 34

ONE LINER ........ 35

QUESTION OF THIS WEEK ........ 41


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 એપ્રિલ, વિશ્વ અવાજ દિવસ (World Voice Day)

## ભૂટાનના રાજાની ભારત મૂલાકાત



તાજેતરમાં ભૂટાનના રાજા શ્રી જિગ્મે ખેસર નામગ્યાલમ વાંગચુક ભારતની મૂલાકાતે આવ્યા હતા.

- આ અવસરે તેઓ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળ્યા હતા. તથા બંને નેતાઓએ દ્વિપક્ષીય સહયોગ અને રાષ્ટ્રીય અને પ્રાદેશિક હિતના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

### દ્વીપક્ષીય બેઠકના મુખ્ય મુદ્દાઓ

બંને નેતાઓએ સુધારા, સંસ્થાકીય ક્ષમતા નિર્માણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ, ઊર્જા સહયોગ અને અવકાશ સહયોગ માટે નાણાકીય સહાય અંગે ચર્ચા કરી હતી.

- ભૂટાનની પરિવર્તન પહેલ અને સુધારણા પ્રકિયા અને ભૂટાનની વિકાસ મહાત્વાકાંક્ષાઓ માટે ભારતનું સમર્થન, ખાસ કરીને 2024માં શરૂ થતી 13મી પંચવર્ષીય યોજના ચર્ચાના મુખ્ય વિષયો હતા.
- આગામી દસ વર્ષમાં 12,000 અમેરિકન ડોલરની માથાદીઠ આવક સાથે વિકસિત દેશ બનવાના લક્ષ્ય સાથે ભૂટાન 2023માં સૌથી ઓછા વિકસિત દેશોની યાદીમાંથી બહાર નીકળી જવાની અપેક્ષા છે.
- સંસ્થાકીય ક્ષમતા નિર્માણ અને સુધારાઓ માટે નાણાકીય સહાય અંગે ચર્ચા કરવા ઉપરાંત ભારત ભૂટાનને ત્રીજી વધારાની સ્ટેન્ડબાય ધિરાણ સુવિધા આપવા પણ સંમત થયું છે.
- બંને દેશોએ ઊર્જા સહયોગ વિશે પણ વાત કરી હતી, જેમાં હાઈડ્રોપાવર અને સોલાર પાવર પ્રોજેક્ટ્સ તેમજ ભારત–ભૂટાન સેટેલાઈટના તાજેતરના પ્રક્ષેપણ સહિત અવકાશ સહયોગ વિશે પણ ચર્ચા કરી હતી.
- ભારત સરકારે ચુખા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ માટે પાવર ટેરિફ વધારવાની ભૂટાનની લાંબા સમયથી પડતર માંગણીને સંમતિ આપી છે, જેણે ભારતીય સહાયથી 1986માં કામગીરી શરૂ કરી હતી.
- આ ઉપરાંત ભારત 2008માં ઓસ્ટ્રયન સમર્થિત બસોચૂ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સમાંથી પાવર ખરીદવા માટે ચર્ચા કરવા સંમત થયું છે.
- બંને દેશો પર્યાવરણીય અને ખર્ચની ચિંતાઓને કારણે દાયકાઓથી પેન્ડિંગ જળાશય આધારિત 2500 મેગાવોટના સંકોશ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પર વાટાઘાટોને ઝડપી બનાવવાનો પણ પ્રયાસ કરશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારત જયગાંવ ખાતે ભારત–ભૂટાન સરહદ પર પ્રથમ સંકલિત ચેકપોસ્ટ સ્થાપવા અને સૂચિત કોકરાઝાર–ગેલેફુ રેલ લિંક પ્રોજેક્ટને ઝડપી બનાવવા પણ વિચારી રહ્યું છે.
- ભૂટાન ભારતની સરહદ નજીક આવેલા ગેલેફુ ખાતે તેનું બીજુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બનાવી રહ્યું છે.
- રેલ લિંક પ્રોજેક્ટ દક્ષિણ ભૂટાનના શહેરને આંતરરાષ્ટ્રીય રોકાણ આકર્ષવા માટેનું હબ બનાવવામાં મદદ કરશે.
- સહકારના પરંપરાગત ક્ષેત્રો ઉપરાંત નવા ક્ષેત્રોમાં સહકારની પણ ચર્ચા કરવામાં આવી હતી.
- બંને પક્ષો ભૂટાનમાં **BHIM** એપના અમલીકરણની પણ સમિક્ષા કરશે.
- નોંધનીય છે કે ત્યાં BHIM જુલાઈ 2021માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- RuPay પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો નાણાકીય અથવા એકીકરણ હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો.

## ભારત-ભૂટાન સંબંધ

ભારત અને ભૂટાન અનન્ય અને અનુકરણીય દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે.

- જે પરસ્પર વિશ્વાસ, સદ્ભાવના અને સમજણ પર આધારિત છે.
- ભારત અને ભૂટાન વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો 1968માં સ્થાપિત થયા હતા.
- ભારત–ભૂટાન સંબંધોનું મૂળ માળખું એ બંને દેશો વચ્ચે 1949માં હસ્તાક્ષર કરાયેલ મિત્રતા અને સહકારની સંધિ છે.
- જેનું ફેબ્રુઆરી 2007માં નવીનીકરણીય કરવામાં આવ્યું હતું.
- બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાન દ્વારા દ્વિપક્ષીય સંબંધો આગળ વધ્યા છે.
- ભારત ભૂટાનનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. 2020માં દ્વિપક્ષીય વેપારનો હિસ્સો ભૂટાનના કુલ વેપારમાં 82.6% હતો.
- ભૂટાનની કુલ આયાતના 77.1% કરતા વધુ હિસ્સો ભારતમાંથી આયાત કરે છે.
- 1960ના દાયકાની શરૂઆતમાં જ્યારે ભૂટાને તેની પંચવર્ષીય યોજનાઓ શરૂ કરી ત્યારથી ભારત ભૂટાનના સામાજિક–આર્થિક વિકાસ માટે આર્થિક સહાયતા આપી રહ્યું છે.

## ભારત માટે ભૂટાનનું મહત્વ

ભૂટાન વ્યૂહાત્મક રીતે ભારત અને ચીન વચ્ચે સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


- જે તેને ભારત માટે એક મહત્વપૂર્ણ બફર રાજ્ય બનાવે છે.
- ભૂટાનનું વ્યૂહાત્મક સ્થાન ભારતની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. અને પ્રાદેશિક સ્થિરતા જાળવવામાં મદદ કરે છે.
- ભૂટાન ચાર ભારતીય રાજ્યો સાથે સરહદ વહેંચે છે : આસામ, અરૂણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ.
- ભૂટાનની હાલની સરહદોની સુરક્ષા ખાસ કરીને તેની પશ્ચિમી સરહદની સુરક્ષા ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- ભૂટાન ભારતીય કોમોડિટીઝ માટે બજાર પૂરું પાડે છે અને તે ભારતીય રોકાણ માટેનું સ્થળ છે.
- ભૂટાન હાઈડ્રોપાવરનો સમૃદ્ધ સ્ત્રોત છે.
- રાજકીય રીતે સ્થિર ભૂટાન ભારત માટે મહત્વપૂર્ણ છે.

## ભૂટાન

ભૂટાનનું સ્થાનિક નામ દ્રુક યુલ છે, જેનો અર્થ થાય છે, 'ગરજતા ડ્રેગનનો દેશ'.

- ભૂટાનની રાજધાની થિમ્ફુ છે.
- તેનું ચલણ Ngultrum (ન્ગુલત્રમ) છે.
- તેના વર્તમાન વડાપ્રધાન શ્રી લોટે શેરિંગ છે.
- ભૂટાનના વર્તમાન રાજા શ્રી જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** 'વિશ્વ અવાજ દિવસ' (World Voice Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ

**(C)**

**2.** તાજેતરમાં ભૂટાનના રાજા ભારતની મૂલાકાતે આવ્યા હતા. તેનું નામ જણાવો ?

(A) શ્રી જિગ્મે ખેસર નામગ્યાલમ (B) શ્રી ખાંડુ વાંગસુક નામગ્યાલમ

(C) શ્રી શેરિંગ થિન્લી નામગ્યાલમ (D) શ્રી યેશે ઝિમ્બા નામગ્યાલમ

**(A)**

**3.** નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો.

1. ભારત અને ભૂટાન વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો 1968માં સ્થાપિત થયા હતા.
2. ભારત–ભૂટાન સંબંધોનું મૂળ માળખું એ બંને દેશો વચ્ચે 1949માં હસ્તાક્ષર કરાયેલ મિત્રતા અને સહકારની સંધિ છે. જેનું ફેબ્રુઆરી 2007માં નવીનીકરણીય કરવામાં આવ્યું હતું.
3. વ્યૂહાત્મક રીતે ભૂટાનની હાલની સરહદોની સુરક્ષા ખાસ કરીને તેની પશ્ચિમી સરહદની સુરક્ષા ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3

**(D)**


**4.** નીચે આપેલ રાજ્યો પૈકી કયું રાજ્ય ભૂટાન સાથે સરહદ ધરાવતું નથી ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ (C) પશ્ચિમ બંગાળ (D) સિક્કિમ

**(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ




World Federation of Hemophilia દ્વારા દર વર્ષે 17 એપ્રિલના રોજ 'વિશ્વ હિમોફિલિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ હિમોફિલિયા અને અન્ય વારસાગત રક્તસ્ત્રાવ વિકૃતિઓ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- હિમોફિલિયા એ રક્તસ્ત્રાવને લગતી એક આનુવંશિક બિમારી છે.
- જેમાં લોહી ગંઠાઈ ન જવાની ક્ષમતા ગંભીર રીતે ઘટી જાય છે, જેથી નાની ઈજા પણ ગંભીર રક્તસ્ત્રાવનું કારણ બની શકે છે.
- શ્રી ફ્રેન્ક શ્નાબેલ (Frank Schnabel) એ 'વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા'ની સ્થાપના કરી હતી.
- આથી, શ્રી ફ્રેન્ક શ્નાબેલ (Frank Schnabel)ના જન્મ દિવસ 17 એપ્રિલ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2023ના વિશ્વ હિમોફિલિયા દિવસની થીમ 'Access For All : Prevention of bleeds as the global Standard of Case' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મોઝામ્બિકમાં ભારતીય સહાયથી બનેલ બુઝી બ્રિઝનું ઉદ્ઘાટન

તાજેતરમાં ભારતના વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરે મોઝામ્બિકમાં 'બુઝી બ્રિજ' (Buzi Bridge)નું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યુ હતું.

- તે 132 કિ.મી. લાંબા ટીકા–બુજી–નોવા–સોફલા રોડ પ્રોજેક્ટના ભાગરૂપે ભારત દ્વારા બનાવવામાં આવ્યો છે.
- આ નવ નિર્મિત પૂલ ભારત–મોઝામ્બિક એકતા અને મિત્રતાનું પ્રાયોગિક ઉદાહરણ છે.
- બુઝી બ્રિજ એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે જે મોઝામ્બિકના માળખાકીય વિકાસ માટે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- મોઝામ્બિકની વૃદ્ધિમાં ભારત એક વિશ્વસનીય ભાગીદાર રહ્યું છે. અને આ પુલ દેશના વિકાસમાં ભારતના યોગદાનનું બીજું ઉદાહરણ છે.

- ડો. એસ. જયશંકરએ તેમની મોઝામ્બિકની મુલાકાત દરમિયાન માપુટોથી મચાવા સુધીની મેડ ઈન ઈન્ડિયા ટ્રેનમાં સવારી કરી હતી.
- આ મુલાકાત મોઝામ્બિકના રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં ભારતના યોગદાનના મહત્વને દર્શાવે છે.

### મોઝામ્બિક

મોઝામ્બિક હિંદ મહાસાગરની સરહદે આફ્રિકામાં સ્થિત એક દેશ છે.

- તે દક્ષિણમાં એસ્વાટિની, દક્ષિણ–પશ્ચિમમાં દક્ષિણ આફ્રિકા, પશ્ચિમમાં ઝિમ્બાબ્વે, ઉત્તર–પશ્ચિમમાં ઝામ્બિયા અને મલાવી, ઉત્તરમાં તાંઝાનિયા અને પૂર્વમાં હિંદ મહાસાગર સાથે જોડાયેલ છે.
- મોઝામ્બિક તેના ઉત્તરીય ભાગમાં આતંકવાદ જેવા ઘણા પડકારોનો સામનો કરી રહ્યું છે.
- આ ઉપરાંત તે દુષ્કાળ અને રોગચાળા જેવા પડકારોનો પણ સામનો કરી રહ્યો છે.
- ઝામ્બેઝી નદી દ્વારા દેશને બે ટોપોગ્રાફિકલ પ્રદેશોમાં વહેંચવામાં આવ્યો છે.
- મોઝામ્બિકમાં ચાર નોંધપાત્ર સરોવરો છે : લેક નિયાસા (અથવા માલાવી), લેક ચિઉટા, કાહોરા બાસા અને લેક શિરવા.
- મોઝેમ્બિકના વર્તમાન રાષ્ટ્રપતિ (એપ્રિલ 2023ની સ્થિતિએ) શ્રી ફિલિપ ન્યુસી છે.
- તથા વર્તમાન વડાપ્રધાન (એપ્રિલ 2023ની સ્થિતિએ) શ્રી એડ્રીયાનો મેલીઆને છે.
- મોઝેમ્બિકની રાજધાની અને સૌથી મોટું શહેર માપુટો છે.

## Exercise Cope India 2023



તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે 'કોપ ઈન્ડિયા' નામની દ્વિપક્ષીય હવાઈ કવાયત યોજાઈ હતી.

- આ હવાઈ કવાયત 10 થી 21 એપ્રિલ, 2023 દરમિયાન પશ્ચિમ બંગાળના કલાઈકુંડામાં એરફોર્સ બેઝ પર યોજાઈ હતી.
- આ કવાયતનો ઉદ્દેશ્ય બંને દેશોની હવાઈદળો વચ્ચે આંતરકાર્યક્ષમતા વધારવાનો છે.
- કોપ ઈન્ડિયા 2023માં યુનાઈટેડ સ્ટેટ્સ એરફોર્સ (USAF) F15 એરક્રાફ્ટ સાથે લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA), રાફેલ, SU-30MKI અને જગુઆર જેવા વિવિધ ભારતીય વાયુસેના (IAF) ફાઈટર જેટની સહભાગીતા દર્શાવવામાં આવી હતી.

- આ હવાઈ કવાયતમાં જાપાન એક નિરીક્ષક રાષ્ટ્ર હતું.
- 20 ઓગસ્ટ, 2018ના રોજ આયોજિત સંરક્ષણ મંત્રીઓની પરિષદના કરાર અનુસાર જાપાનીઝ એર સેલ્ફ–ડિફેન્સ ફોર્સ (JA SDF)એ ડિસેમ્બર 2018માં પ્રથમ વખત નિરીક્ષક તરીકે કોપ ઈન્ડિયામાં ભાગ લીધો હતો.
- આગામી કવાયતમાં જાપાનની ભાગીદારી એ ત્રિપક્ષીય કાર્યક્રમ બનાવવા માટે યુએસ દ્વારા પ્રસ્તાવિત તબક્કાવાર યોજનાનો એક ભાગ છે.

**નોંધ :** (1) ભારતીય વાયુસેના અને યુએસ એરફોર્સ વચ્ચે કોપ ઈન્ડિયાની અગાઉની આવૃત્તિ ડિસેમ્બર 2018માં ભારતમાં જ હાથ ધરવામાં આવી હતી.

(2) કોપ ઈન્ડિયાની શરૂઆત વર્ષ 2004માં એર સ્ટેશન ગ્વાલિયર ખાતે યોજાયેલી લડાયક તાલીમ કવાયત તરીકે થઈ હતી.



## MONDAY Questions

1. 'વિશ્વ હિમોફિલિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 એપ્રિલ (B) 16 એપ્રિલ (C) 17 એપ્રિલ (D) 18 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં ભારતીય સહાયથી બનેલ 'બુઝી બ્રિઝ' (Buzi Bridge)નું ઉદ્ઘાટન ડો. એસ. જયશંકરે કર્યુ હતું. આ બ્રિઝ કયા દેશમાં આવે છે ?

(A) ઝિમ્બાબ્વે (B) મલાવી (C) તાંઝાનિયા (D) મોઝામ્બિક **(D)**

3. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'Cop India 2023' નામની દ્વિપક્ષીય કવાયત યોજાઈ હતી ?

(A) અમેરિકા (B) કિર્ગિસ્તાન (C) ઓસ્ટ્રેલિયા (D) જર્મની **(A)**




## દિવસ મહિમા : 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 18 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેરિટેજ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ સંસ્કૃતિ સાથે જોડાયેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો છે.
- ઈ.સ. 1982માં International Council on Monuments and Sites (ICOMOS) નામની સંસ્થા દ્વારા 18 એપ્રિલના રોજ આ દિવસ ઉજવવાની દરખાસ્ત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 1983માં મળેલી UNESCOની 22મી સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2023ની 'World Heritage Day'ની થીમ 'Heritage Changes' છે.

નોંધ : (1) World Heritage Dayને 'International Day for Monuments and sites' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) UNESCOનું પૂરું નામ United Nations Educational, Scientific and Cultural Organization છે.

(3) UNESCOનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મિસ ઈન્ડિયા - 2023 : સુશ્રી નંદિની ગુપ્તા



તાજેતરમાં યોજાયેલા એક ભવ્ય સમારંભમાં રાજસ્થાનના સુશ્રી નંદિની ગુપ્તાને 'મિસ ઈન્ડિયા 2023'નો તાજ પહેરાવવામાં આવ્યો છે.

- મિસ ઈન્ડિયા સ્પર્ધાની આ 59મી આવૃત્તિ હતી.
- સુશ્રી નંદિની ગુપ્તાએ સુશ્રી શ્રૈયા પૂંજા અને સુશ્રી સ્ટ્રેલા થૌના ઓઝમ લુવાંગ તથા અન્ય સુંદરીઓને પાછળ રાખી આ ખિતાબ પોતાના નામે કર્યો છે.
- આ આવૃત્તિમાં સુશ્રી શ્રૈયા પૂંજા ફર્સ્ટ રનર–અપ હતા તથા સુશ્રી સ્ટ્રેલા લુવાંગને સેકન્ડ રનર–અપ હતા.

- આ પ્રસંગે 2022ના મિસ ઈન્ડિયા વિજેતા સુશ્રી સિની શેટ્ટીએ સુશ્રી નંદિની ગુપ્તાને મિસ ઈન્ડિયા 2023નો તાજ પહેરાવ્યો હતો.

**નોંધ :** આ વર્ષે મણિપુરના ઈમ્ફાલમાં મિસ ઈન્ડિયા 2023નું આયોજન કરવામાં આવ્યું હતું.

## મિસ ઈન્ડિયા સૌંદર્ય સ્પર્ધા

ભારતમાં મિસ ઈન્ડિયા સૌંદર્ય સ્પર્ધાનો ઔપચારિક પ્રારંભ મુંબઈમાં એપ્રિલ 1952માં થયો હતો.

- જેમાં તમિલનાડુના શ્રીમતી ઈન્દ્રાણી રેહમાને 'મિસ ઈન્ડિયા'નો આ તાજ જીત્યો હતો.

## આ સ્પર્ધાનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે ?

'મિસ ઈન્ડિયા' સ્પર્ધાનું આયોજન હાલમાં ધ ટાઈમ્સ ગ્રુપ દ્વારા પ્રકાશિત કરવામાં આવતા મહિલાઓ માટેના મેગેઝિન 'ફેમિના' દ્વારા કરવામાં આવે છે.

- આથી મિસ ઈન્ડિયા સ્પર્ધાને 'ફેમિના મિસ ઈન્ડિયા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## સ્પર્ધાનું મહત્વ

'મિસ વર્લ્ડ' સ્પર્ધામાં ભારતના પ્રતિનિધિ પસંદ કરવા માટે આ સ્પર્ધા યોજાય છે.

- દર વર્ષે 'મિસ ઈન્ડિયા'નો તાજ જીતનાર યુવતી ભારત તરફથી 'મિસ વર્લ્ડ' સ્પર્ધામાં ભાગ લે છે.
- ભારતમાં અગાઉ પરંપરાગત રીતે 'મિસ ઈન્ડિયા' વિજેતા યુવતિ 'મિસ યુનિવર્સ' સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરતી હતી.
- અને 'મિસ ઈન્ડિયા' સ્પર્ધામાં ઉપ વિજેતા યુવતિ (રનર્સ અપ યુવતી) 'મિસ વર્લ્ડ' સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરતી હતી.
- જો કે, વર્ષ 2013થી ફેમિના દ્વારા 'મિસ યુનિવર્સ' સ્પર્ધાના પ્રતિનિધિની પસંદગી માટે 'મિસ દિવા' નામની એક નવી સૌંદર્ય સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી.
- આથી, વર્ષ 2013થી 'મિસ ઈન્ડિયા' વિજેતા યુવતી 'મિસ વર્લ્ડ' સ્પર્ધામાં અને 'મિસ દિવા' વિજેતા યુવતી, 'મિસ યુનિવર્સ' સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરે છે.

## વિશ્વ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ

મિસ ઈન્ડિયા → મિસ વર્લ્ડ

મિસ દિવા → મિસ યુનિવર્સ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) ભારતમાં સૌપ્રથમ 1947માં શ્રીમતી પ્રમિલા (અથવા તો એસ્થર વિક્ટોરિયા અબ્રાહમે)એ 'મિસ ઈન્ડિયા'નો તાજ જીત્યો હતો. જોકે આ સ્પર્ધાનું આયોજન એક સ્થાનિક પ્રેસ દ્વારા થયું હતું.

(2) જ્યારે ભારત તરફથી સૌપ્રથમ 'મિસ યુનિવર્સ' સ્પર્ધા (1952)માં ભાગ લેનાર યુવતી શ્રીમતી ઈન્દ્રાણી રહેમાન છે. તેમણે 1952માં 'મિસ ઈન્ડિયા'નો તાજ જીત્યો હતો.

(3) આથી, ભારતના પ્રથમ મિસ ઈન્ડિયા કોલકાતાના શ્રીમતી પ્રમિલા (અથવા તો એસ્થર વિક્ટોરિયા અબ્રાહમ) છે. જ્યારે કોઈ આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ 'મિસ ઈન્ડિયા' શ્રીમતી ઈન્દ્રાણી રહેમાન છે.

(4) મિસ વર્લ્ડ સ્પર્ધામાં સુશ્રી નંદિની ગુપ્તા 2024ના મિસ વર્લ્ડમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

(5) સુશ્રી નંદિની ગુપ્તા રાજસ્થાનના કોટાના રહેવાસી છે.

## ડિજિટલ હેલ્થ સમિટ 2023 (Digital Health Summit 2023)

તાજેતરમાં ગોવામાં કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા 'ડિજિટલ હેલ્થ સમિટ 2023'નું આયોજન કરવામાં આવ્યું હતું.

### ડિજિટલ હેલ્થ સમિટ 2023ના મુખ્ય મુદ્દાઓ




ડો. ભારતી પ્રવિણ પવારએ ડિજિટલ હેલ્થ ઈનોવેશનનું મહત્વ અને 3D પ્રિન્ટિંગ, પોઈન્ટ–ઓફ–કેર ડાયગ્નોસ્ટિક્સ, રોબોટ્સ, બાયોઈન્ફોર્મેટિક્સ અને જીનોમિક્સ સહિત ઘાતાંકીય દવાને કેવી રીતે સશક્ત બનાવી શકે છે તેના પર પ્રકાશ પાડ્યો હતો.

- તેનો હેતુ ઈન્ટરઓપરેબિલિટી, ડેટા ગોપનિયતા અને ડેટા સુરક્ષા ધોરણોને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ પબ્લિક ગુડ્સ ફ્રેમવર્ક બનાવવાનો છે.
- તે ઉચ્ચ ગુણવત્તાની દવાઓની સમાન પહોંચ સાથે 'નાગરિક કેન્દ્રીત' ડિજિટલ આરોગ્ય પ્રણાલીઓની જરૂરિયાત પર ભાર મૂકે છે.
- આરોગ્ય ટેક્નોલોજી ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું સૌથી મહત્વનું પાસું છે તે પણ પ્રકાશિત કર્યું હતું.

નોંધ : (1) CII એ બિન–સરકારી, બિન–લાભકારી, ઉદ્યોગ–આગેવાની અને ઉદ્યોગ સંચાલિત સંસ્થા છે.

(2) ડિજિટલ હેલ્થકેર એ મેડિકલ કેર ડિલિવરીની એક સિસ્ટમ છે જે ગુણવત્તાયુક્ત તબીબી સંભાળ સેવાઓને સુલભ, સસ્તું અને ટકાઉ બનાવવા માટે ડિજિટલ તકનીકોની શ્રેણીનો ઉપયોગ કરે છે.

# પશુ મહામારી તૈયારી પહેલ અને એનિમલ હેલ્થ સિસ્ટમ સપોર્ટ ફોર વન હેલ્થ



તાજેતરમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે પ્રાણીઓથી મનુષ્યમાં ફેલાતા રોગના જોખમને રોકવા માટે વન આરોગ્ય અભિગમ હેઠળ 'પશુ મહામારીની તૈયારી પહેલ' (Animal Pandemic Preparedness Initiative - APPI) શરૂ કરી છે.

- એક આરોગ્ય અભિગમ પર્યાવરણ, પ્રાણી અને માનવ સ્વાસ્થ્યની પરસ્પર નિર્ભરતાને પ્રકાશિત કરે છે.
- આ ઉપરાંત મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે વિશ્વ બેંક દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ એનિમલ હેલ્થ સિસ્ટમ સપોર્ટ ફોર વન હેલ્થ (AHSSOH) પ્રોજેક્ટ પણ શરૂ કર્યો છે.

## પશુ મહામારીની તૈયારીની પહેલ (APPI)

આ પહેલ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની વૈશ્વિક વન આરોગ્ય વ્યૂહરચના સાથે સુસંગત છે.

- જે ઝૂનોટિક રોગોના જોખમને સંબોધવામાં બહુ–ક્ષેત્રીય સહયોગ પર ભાર મૂકે છે.
- તે પશુચિકિત્સા સેવાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોગની દેખરેખ ક્ષમતાઓ, વહેલી શોધ અને પ્રતિસાદ, પશુ આરોગ્ય વ્યવસાયિકોની ક્ષમતા નિર્માણ અને સામુદાયિક આઉટરીચ દ્વારા ખેડૂતોમાં જાગૃતિ વધારવામાં મદદ કરશે.

## APPIના સ્તંભો

પશુ મહામારીની તૈયારીની પહેલ (APPI)ના સ્તંભો નીચે મુજબ છે :

(1) રોગ દેખરેખ અને નિયંત્રણ

(2) રોગ મોડેલ અલ્ગોરિધમ્સ અને પ્રારંભિક ચેતવણી સિસ્ટમો

(3) પ્રકોપની તપાસ અને પ્રતિભાવ

(4) ઈકોસિસ્ટમ સંકલન

(5) રસી વિકાસ તથા સંશોધન અને વિકાસ

(6) આપત્તિ પ્રતિકારનું નિર્માણ

(7) અનુદાન

(8) નિયમનકારી માળખું

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## APPIનો ઉદ્દેશ્ય

આ પહેલનો ઉદ્દેશ્ય ઝૂનોટિક રોગોને રોકવા અને નિયંત્રિત કરવા માટે ભારતની સજ્જતા અને પ્રતિભાવ ક્ષમતાઓને વધારવાનો છે.

- જેથી પ્રાણીઓ અને મનુષ્ય બંનેના સ્વાસ્થ્યનું રક્ષણ થાય.

## એનિમલ હેલ્થ સિસ્ટમ્સ સપોર્ટ ફોર વન હેલ્થ (AHSSOH)

એનિમલ હેલ્થ સિસ્ટમ્સ સપોર્ટ ફોર વન હેલ્થ (AHSSOH)નો ઉદ્દેશ્ય એક આરોગ્ય અભિગમ (One Health Approach)ને ધ્યાનમાં રાખીને બહેતર પશુ આરોગ્ય વ્યવસ્થાપન પ્રણાલી માટે ઈકોસિસ્ટમ બનાવવાનો છે.

- આ પ્રોજેક્ટ પાંચ વર્ષના સમયગાળા માટે 'કેન્દ્રીય ક્ષેત્રની યોજના' તરીકે લાગુ કરવામાં આવશે.
- તેમાં 75 જિલ્લા અથવા પ્રાદેશિક પ્રયોગશાળાઓને અપગ્રેડ કરવા તેમજ 300 પશુ ચિકિત્સા હોસ્પિટલોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને પાંચ સહભાગી રાજ્યોના 151 જિલ્લાઓને આવરી લેવાનું લક્ષ્યાંક છે.

**નોંધ :** નેશનલ વન હેલ્થ મિશન (NOHM) એ એક આંતર–મંત્રાલય પહેલ છે જે વડાપ્રધાનની વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનતા સલાહકાર પરિષદ (PM-STIAC)ની 21મી બેઠકમાં મંજૂર કરવામાં આવી હતી.




1. 'વિશ્વ વિરાસત દિવસ' (World Heritage Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 16 એપ્રિલ (B) 17 એપ્રિલ (C) 18 એપ્રિલ (D) 19 એપ્રિલ
(C)

2. વર્ષ 2023ના 'વર્લ્ડ હેરિટેજ ડે'ની થીમ શું છે ?
(A) Heritage and Distric (B) Heritage and Climat
(C) Heritage Nature (D) Heritage Changes
(D)

3. તાજેતરમાં 'મિસ ઈન્ડિયા 2023'નો તાજ કોણે જીત્યો છે ?
(A) સુશ્રી મીનાક્ષી ગુપ્તા (B) સુશ્રી નંદિની ગુપ્તા
(C) સુશ્રી આકૃતિ ગુપ્તા (D) સુશ્રી શ્રેયા ગુપ્તા
(B)

4. હાલમાં 'મિસ વર્લ્ડ' સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કોણ કરે છે ?
(A) મિસ દિવા (B) મિસ દિવા રનર્સ અપ
(C) મિસ ઈન્ડિયા રનર્સ અપ (D) મિસ ઈન્ડિયા
(D)

5. હાલમાં 'મિસ યુનિવર્સ' સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કોણ કરે છે ?
(A) મિસ દિવા (B) મિસ દિવા રનર્સ અપ
(C) મિસ ઈન્ડિયા (D) મિસ ઈન્ડિયા રનર્સ અપ
(A)


6. તાજેતરમાં કયા સ્થળે કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા 'ડિજિટલ હેલ્થ સમિટ 2023'નું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) પૂણે (B) ગોવા (C) ચેન્નાઈ (D) જોધપુર
(B)

7. તાજેતરમાં 'પશુ મહામારી તૈયારી પહેલ' (Animal Pendemic Preparedness Initiative - APPI) શરૂ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આ પહેલ મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયએ પ્રાણીઓથી મનુષ્યમાં ફેલાતા રોગના જોખમને રોકવા માટે શરૂ કરવામાં આવી છે.
2. તે પશુચિકિત્સા સેવાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોગની દેખરેખ ક્ષમતાઓ, વહેલી શોધ અને પ્રતિસાદ, પશુ આરોગ્ય વ્યવસાયિકોની ક્ષમતા નિર્માણ અને સામુદાયિક આઉટરીચ દ્વારા ખેડૂતોમાં જાગૃતિ વધારવામાં મદદ કરશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા
(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 એપ્રિલ, વિશ્વ યકૃત દિવસ (World Liver Day)




દર વર્ષે 19 એપ્રિલના રોજ 'વિશ્વ યકૃત દિવસ'નું આયોજન કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ શરીરમાં યકૃત અને તેના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- યકૃત માનવ શરીરને સ્વસ્થ રાખવા માટે ડિટોક્સિફિકેશન અને પાચન સહિત વિવિધ જટિલ કાર્યો કરે છે.
- નોંધનીય છે કે યકૃત માનવ શરીરનું બીજુ સૌથી મોટું અંગ છે અને પાચનતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- યકૃત મુખ્યત્વે માનવ શરીરમાં ચેપી રોગનો સામનો કરવા, બ્લડ શુગરને નિયંત્રિત કરવા, શરીરમાંથી ઝેર દૂર કરવા, કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત કરવા અને લોહીના ગંઠાઈ જવા માટે મદદ કરે છે.

## Mission 50K - EV4ECO



SIDBIએ ભારતના ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગની સમગ્ર મૂલ્ય શૃંખલામાં વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે તાજેતરમાં 'Mission 50K - EV4ECO'નું પાયલોટ વર્ઝન લોન્ચ કર્યુ છે.

- તેનાથી દેશમાં EV દત્તક લેવાને વેગ મળશે અને સંલગ્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત થવાની અપેક્ષા છે.
- મિશન 50K-EV4ECO પ્રોજેક્ટ પ્રત્યક્ષ અને પરોક્ષ લોન દ્વારા 2-વ્હીલર, 3-વ્હીલર અને 4-વ્હીલર EVs ખરીદવાને પ્રાથમિકતા આપે છે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રિક વાહનો માટે સસ્તું ધિરાણ ઉપલબ્ધ કરાવવાનો અને બેટરી સ્વેપિંગ સહિત ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાનો છે.
- EV ઈકોસિસ્ટમમાં MSME અને નોન–બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ દ્વારા સામનો કરવામાં આવતો સૌથી મોટો પડકાર વ્યાજના સ્પર્ધાત્મક દરો સહીત પર્યાપ્ત નાણાંની પહોંચ છે.
- બેન્કર્સ EV પ્રોજેક્ટ્સને ઊંચા જોખમ તરીકે જુએ છે, જે MSME અને NBFC માટે આવા સાહસોને નાણાં ધિરાણ આપવા માટે સમજાવવાનું મુશ્કેલ બનાવે છે.

નોંધ : (1) SIDBIનું પૂરું નામ 'સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા' છે. તે સરકારી માલિકીની નાણાકીય સંસ્થા છે.

(2) તેની સ્થાપના 1990માં નાના પાયાના ઉદ્યોગોને ટેકો આપવા અને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી.

(3) વર્ષોથી SIDBI ભારતમાં માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME) માટે એક અગ્રણી નાણાકીય સંસ્થા તરીકે વિકસિત થઈ છે, જે તેમને વૃદ્ધિ અને વિકાસ કરવામાં મદદ કરવા માટે નાણાકીય સંસ્થા તરીકે કાર્ય કરે છે.

## રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર સપ્તાહ (National Panchayat Awards Week)

પંચાયતી રાજ મંત્રાલયે આ વર્ષે 17 થી 21 મી એપ્રિલ સુધી 'રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર સપ્તાહ'ની ઉજવણી કરી હતી.

- આ સપ્તાહની ઉજવણીનો ઉદ્દેશ્ય ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવા અને પાયાના સ્તરે સુશાસનને પ્રોત્સાહન આપવા માટે પંચાયતી રાજ સંસ્થાઓના પ્રયાસોને માન્યતા આપવાનો છે.
- રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર સપ્તાહ સમારોહ 2023ની થીમ 'પંચાયતોના સંકલ્પની સિદ્ધિની ઉજવણી' છે.
- રાષ્ટ્રીય પરિષદો સી. સુબ્રમણ્યમ ઓડિટોરિયમ, NASC કોમ્પલેક્સ, પ્રસા, નવી દિલ્હી ખાતે 18, 19 અને 20 એપ્રિલ 2023ના રોજ યોજાઈ હતી.
- ટકાઉ વિકાસ લક્ષ્યોનું સ્થાનિકીકરણ પંચાયતી રાજ સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.
- તેનો ઉદ્દેશ્ય સ્થાનિક વિકાસ યોજનાઓ અને પ્રાથમિકતાઓને રાષ્ટ્રીય અને વૈશ્વિક ધ્યેયો સાથે સંરેખિત કરીને ટકાઉ વિકાસ લક્ષ્યોની સિદ્ધિમાં યોગદાન આપવા માટે પંચાયતિ રાજ સંસ્થાઓને સશક્ત કરવાનો છે.

નોંધ : રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ દર વર્ષે 24 એપ્રિલના રોજ ઉજવાય છે.

## CAPF કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી) પરીક્ષા 13 ભાષાઓમાં લેવામાં આવશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સીસ (CAPFs) માટે હિન્દી અને અંગ્રેજી સિવાય 13 પ્રાદેશિક ભાષાઓમાં કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી) પરીક્ષા યોજવાની મંજૂરી આપી છે.

- આ ઐતિહાસિક નિર્ણયનો હેતુ CAPFમાં સ્થાનિક યુવાનોની ભાગીદારીને વધારવા અને પ્રાદેશિક ભાષાઓના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- હિન્દી અને અંગ્રેજી ઉપરાંત હવે CAPF માટે કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી) પરીક્ષાનું પ્રશ્નપત્ર આસામી, બંગાળી, ગુજરાતી, મરાઠી, મલયાલમ, કન્નડ, તમિલ, તેલુગુ, ઓડિયા, ઉર્દૂ, પંજાબી, મણિપુરી અને કોંકણીમાં સેટ કરવામાં આવશે.
- આ 13 પ્રાદેશિક ભાષાઓમાં પરીક્ષા 1 જાન્યુઆરી, 2024થી લેવામાં આવશે.
- કોન્સ્ટેબલ (GD) પરીક્ષા એ સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા લેવામાં આવતી મુખ્ય પરીક્ષાઓમાંથી એક છે. તે સમગ્ર ભારતમાંથી લાખો ઉમેદવારોને આકર્ષે છે.
- 13 પ્રાદેશિક ભાષાઓનો સમાવેશ સ્થાનિક યુવાનોને CAPFમાં ભાગ લેવા અને દેશની સેવામાં કારકિર્દી બનાવવામાં મદદ કરશે.

Weekly Current Affairs

## WEDNESDAY Questions

ICE MAGIC / WEEK - 16

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસને 'વિશ્વ યકૃત દિવસ' (World Liver Day) તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 19 એપ્રિલ (B) 20 એપ્રિલ (C) 21 એપ્રિલ (D) 22 એપ્રિલ — **(A)**

2. તાજેતરમાં કોણે ભારતના ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગની સમગ્ર મૂલ્ય શૃંખલામાં વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે 'Mission 50K-EV4ECO'નું પાયલોટ વર્ઝન લોન્ચ કર્યુ છે ?

(A) SIDBI (B) IBDC (C) NBDC (D) NABARD — **(A)**

3. કયું મંત્રાલય 'રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર સપ્તાહ' (National Panchayat Awards Week)ની ઉજવણી કરી રહ્યું છે ?

(A) ગૃહ મંત્રાલય (B) પંચાયતી રાજ મંત્રાલય
(C) સહકાર મંત્રાલય (D) સંચાર મંત્રાલય — **(B)**

4. તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર CAPF કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી) પરીક્ષા હિન્દી અને અંગ્રેજી ઉપરાંત કેટલી ભાષામાં લેવામાં આવશે ?

(A) 11 (B) 13 (C) 17 (D) 23 — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જામનગર ભારતનો સૌથી વધુ નિકાસ કરનારો જિલ્લો

તાજેતરના આંકડા મુજબ ગુજરાતનું જામનગર ટોચનો નિકાસ કરનારો જિલ્લો બન્યો છે.



- તે નાણાકીય વર્ષ 2023 (જાન્યુઆરી સુધી)માં મૂલ્યની દૃષ્ટિએ ભારતની નિકાસમાં લગભગ 24% હિસ્સો ધરાવે છે.
- ગુજરાતનું સુરત અને મહારાષ્ટ્રમાં મુંબઈના ઉપનગરો અંતરના આધારે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- જે નાણાકીય વર્ષ 2023માં દેશની નિકાસમાં લગભગ 4.5% હિસ્સો ધરાવે છે.
- ટોચના 10 અન્ય જિલ્લાઓમાં દક્ષિણ કન્નડ (કર્ણાટક), દેવભૂમિ દ્વારકા, ભરૂચ અને કચ્છ (ગુજરાત), મુંબઈ (મહારાષ્ટ્ર), કાંચીપુરમ (તમિલનાડુ) અને ગૌતમ બુદ્ધ નગર (ઉત્તરપ્રદેશ) છે.
- દેશના કેટલાક એવા રાજ્યો છે જ્યાં અર્થતંત્રમાં વ્યાપાર અને ઉદ્યોગનો હિસ્સો મોટો છે, ગુજરાત તેમાં સૌથી આગળ છે.
- ગુજરાતમાં છેલ્લા સાત દાયકાથી ફાર્મા, કેમિકલ, ક્રૂડ ઓઈલ રીફાઈનિંગ, પેટ્રો કેમિકલ્સ, કેમિકલ્સ જેવા ઉદ્યોગો સ્થપાયેલા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ભારતમાં નિકાસ ક્ષેત્રની સ્થિતિ (Status of India's Export Sector)

મર્ચેન્ડાઈઝ વેપાર ખાધ, જે નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત છે તે 2021-22માં 191 બિલિયન અમેરિકન ડોલરની સરખામણીએ 2022-23માં 39%થી વધુ વધીને વિક્રમી 266.78 બિલિયન અમેરિકન ડોલર થશે.

- વર્ષ 2022-23માં મર્ચેન્ડાઈઝની આયાતમાં 16.51નો વધારો થયો છે, જ્યારે મર્ચેન્ડાઈઝની નિકાસમાં 6.03%નો વધારો થયો છે.
- જોકે સેવાઓમાં વેપાર સરપ્લસથી 2022-2023માં એકંદર વેપાર ખાધ 83.53 બિલિયન અમેરિકન ડોલરથી ઘટીને 2022-2023માં 122 બિલિયન અમેરિકન ડોલર થવાની ધારણામાં છે.

### ભારતના મુખ્ય નિકાસ ક્ષેત્રો

#### એન્જિનિયરિંગ ગુડ્સ

નાણાકીય વર્ષ 2022માં 101 બિલિયન અમેરિકન ડોલરના મૂલ્ય સાથે નિકાસમાં 50% વૃદ્ધિ નોંધાવી હતી.

### કૃષિ ઉત્પાદનો

મહામારી વચ્ચે ખાદ્ય પદાર્થોની વૈશ્વિક માંગને પહોંચી વળવા માટેના સરકારી પ્રોત્સાહનોને લીધે કૃષિ નિકાસમાં તેજી આવી છે.

- ભારત 9.95 બિલિયન યુએસ ડોલરના ચોખાની નિકાસ કરે છે, જે કૃષિ કોમોડિટીમાં સૌથી વધુ છે.

### કાપડ અને વસ્ત્રો

ભારતની કાપડ અને વસ્ત્રોની નિકાસ (હસ્તકલા સહિત) નાણાકીય વર્ષ 2022માં 44.4 બિલિયન યુએસ ડોલર હતી, જે પાછલા વર્ષની સરખામણીમાં 41%ની વૃદ્ધિ દર્શાવે છે.

- ભારત સરકારની મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજન એન્ડ એપેરલ (MITRA) પાર્ક યોજના આ ક્ષેત્રને મોટા પાયે પ્રોત્સાહન આપી રહી છે.

### ફાર્માસ્યુટિકલ અને દવાઓ

ભારત વોલ્યુમની દષ્ટિએ દવાઓનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક છે અને જનેરિક દવાઓનો સૌથી મોટો સપ્લાયર છે.

- ભારત આફ્રિકાની 50% જનેરિક જરૂરિયાતો, યુએસ જનેરિક માંગ 40% અને 25% યુકેની દવાઓની જરૂરિયાત પૂર્ણ કરે છે.

## નાગરિક સંઘ અને લગ્નનો ખ્યાલ (Civil Union and Concept of Marriage)

ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી ડી.વાય.ચંદ્રચુડની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેન્ચે સમલૈંગિક લગ્નને કાનૂની માન્યતા આપવા માટેની અરજીઓની સુનાવણી શરૂ કરી હતી.

- લગ્નની 'સામાજિક–કાનૂની સંસ્થા'ને કાયદેસર બનાવવા ન્યાયતંત્રના અધિકારના આધારે સુપ્રીમ કોર્ટ દ્વારા સમલૈંગિક લગ્નને કાનૂની માન્યતાની માંગ કરતી અરજીઓની સુનાવણીનો કેન્દ્રએ વિરોધ કર્યો છે.
- કેન્દ્રના વાંધાઓના જવાબમાં ભારતના મુખ્ય ન્યાયાધીશએ સ્પષ્ટ કર્યુ કે સુનાવણીનો અવકાશ 'નાગરિક સંઘ'ની વિભાવના વિકસાવવા સુધી મર્યાદિત હશે, જેને સ્પેશિયલ મેરેજ એક્ટ, 1954 હેઠળ કાનૂની માન્યતા છે.

### નાગરિક સંઘ

'નાગરિક સંઘ' અથવા 'સિવિલ યુનિયન' એ એક કાનૂની દરજ્જો છે. જે સમલૈંગિક યુગલોને સમાન અધિકારો અને જવાબદારી આપે છે જે સામાન્ય રીતે પરણિત યુગલોને આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- નાગરિક યુનિયનોને વારસાના અધિકારો, મિલકતના અધિકારો, માતાપિતાના અધિકારો, જીવનસાથીઓને રોજગારના લાભો, કોઈના જીવનસાથી સામે જુબાની આપવાથી દૂર રહેવાનો સંયુક્ત વાલીપણાનો અધિકાર જેવા અધિકારો સાથે હશે–જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ 122 હેઠળ આપવામાં આવેલા જીવનસાથી વિશેષાધિકારની જેમ જ છે.

## નાગરિક સંઘ અને લગ્ન વચ્ચેનો તફાવત

નાગરિક સંઘ અથવા સિવિલ યુનિયન એ લગ્ન જેવી કાનૂની મંજૂરી છે જે સામાન્ય રીતે સમાન લિંગની બે વ્યક્તિઓને આપવામાં આવે છે.

- લગ્ન એ કાયદા દ્વારા માન્યતા પ્રાપ્ત ધાર્મિક સંસ્થા છે જે બે વ્યક્તિઓ (પુરુષ અને સ્ત્રી)ને લગ્ન કરવાની મંજૂરી આપે છે.
- સમલૈંગિક લગ્ન, લગ્નની ધર્મ–આધારિત વ્યાખ્યાના કાર્યક્ષેત્રની બહાર છે. તેથી નાગરિક સંઘ એ એક સાધન છે જે યુગલોને સમાન કાનૂની રક્ષણ પૂરું પાડવા માટે રચાયેલ છે જેઓ સમલિંગી લગ્ન પસંદ કરે છે.

## અન્ય કયા દેશોએ નાગરિક સંઘને મંજૂરી આપી છે ?

વિશ્વના ઘણા દેશોએ નાગરિક સંઘોને મંજૂરી આપી છે.

- વર્ષ 2015માં યુનાઈટેડ સ્ટેટ્સની સુપ્રીમ કોર્ટએ 'ઓબર્ગફેલ વિ. હોજેસ'માં તેના સીમાચિહ્નરૂપ નિર્ણય સાથે સમગ્ર દેશમાં સમલૈંગિક લગ્નોને કાયદેસર બનાવ્યા હતા.
- 2015 પહેલા મોટાભાગના યુએસ રાજ્યોમાં નાગરિક સંઘના કાયદા હતા જે સમલૈંગિક યુગલોને લગ્ન કરવાની મંજૂરી આપે છે.
- સ્વીડનમાં 2009 પહેલા LGBTQ યુગલો સિવિલ યુનિયન માટે અરજી કરી શકતા હતા.
- અને દત્તક લેવાના અધિકાર જેવા લાભોનો લાભ લઈ શકતા હતા.
- સ્વીડને 2009માં સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવ્યું હતું.
- તેવી જ રીતે બ્રાઝિલ, ઉરૂગ્વે અને ચિલી જેવા દેશોએ ઔપચારિક રીતે લગ્ન કરવાના કાનૂની અધિકારને માન્યતા આપતા પહેલા જ સમલિંગી યુગલોના નાગરિક સંઘોમાં પ્રવેશવાના અધિકારને માન્યતા આપી હતી.

**નોંધ :** (1) ભારતમાં ઈન્ડિયન પિનલ કોડની કલમ 377 હેઠળ 2018 પહેલા સજાતિય સંબંધમાં શારીરિક સંબંધોને ગુનો ગણવામાં આવતા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) પરંતુ સુપ્રીમ કોર્ટના પાંચ જજની બેંચે સપ્ટેમ્બર 2018ના રોજ આ કાયદાની જોગવાઈને હટાવી દીધી હતી. હવે કોઈપણ વ્યક્તિ ભારતમાં સજાતીય સંબંધોની સામે પોલીસમાં કેસ ન કરી શકે. પરંતુ સજાતીય લગ્નને કાયદેસર કરવા માટે LGBTQ સમુદાય આજે પણ પ્રયત્નરત્ત છે.

(3) આફ્રિકન દેશ યુગાન્ડાની સંસદે LGBTQ સમુદાય સામે ખૂબ જ સખત પગલા ભરતા સજાતીયતાના ગંભીર ગુનામાં મૃત્યુદંડની સજાની જોગવાઈ કરી છે.

(4) જાપાન સાત અમીર રાષ્ટ્રસમૂહનો એકમાત્ર એવો દેશ છે જે સજાતીય સંબંધોને કાયદેસર માન્યતા નથી આપતો. જોકે, ત્યાંની મોટા ભાગની જનતા આવા સંબંધની માન્યતાને સમર્થન આપે છે.

## ડિજિટલ હાઈવે (Digital Highways)



નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ સમગ્ર દેશમાં લગભગ 10,000 કિ.મી. ઓપ્ટિક ફાઈબર કેબલ (OFC) ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની જાહેરાત કરી છે.

- NHAIની યોજના સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને અનુરૂપ છે જેનો ઉદ્દેશ્ય વર્ષ 2030 સુધીમાં બધા માટે સલામત, સસ્તું અને સુલભ પરિવહન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનો છે.
- ફાઈબર ઓપ્ટિક કેબલ એ ટ્યૂબ જેવા હોય છે જેમાં કાચ અથવા પ્લાસ્ટિકના બનેલા વાયર હોય છે. તે વીજળીનો ઉપયોગ કરતા નિયમિત વાયર કરતા વધુ ઝડપથી માહિતી પ્રસારિત કરવા માટે પ્રકાશનો ઉપયોગ કરે છે.
- ઓપ્ટિકલ ફાઈબર કોમ્યુનિકેશન સિસ્ટમમાં ટ્રાન્સમિશન માટે મેટલ વાયરને પ્રાધન્ય આપવામાં આવે છે કારણ કે સિગ્નલો ઓછા નુકશાન સાથે પ્રસારિત કરે છે.
- ઓપ્ટિકલ ફાઈબર કેબલ નેટવર્ક હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડ (NHLML) દ્વારા વિકસાવવામાં આવશે. જે NHAIની સંપૂર્ણ માલિકીની સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) છે.
- આ ઓપ્ટિકલ ફાઈબર કેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગો સાથે સંકલિત ઉપયોગિતા કોરિડોર બનાવીને ડિજિટલ હાઈવેનું નેટવર્ક સ્થાપિત કરશે.

### ડિજિટલ હાઈવે

ડિજિટલ હાઈવે અથવા રસ્તા એ ડિજિટલ પ્લેટફોર્મ છે જે વહેંચાયેલ જાહેર અને ખાનગી સેવાઓ પ્રદાન કરે છે.

- તે સ્ટ્રેટેજિક રોડ નેટવર્ક (SRN)ને ડિઝાઈન, બાંધકામ, સંચાલન અને ઉપયોગના સંદર્ભમાં સુધારવા માટે ડેટા ટેકનોલોજી અને કનેક્ટિવિટીનો ઉપયોગ કરે છે.
- જેથી સુરક્ષિત મુસાફરી, ઝડપી ડિલિવરી અને બધા માટે બહેતર અનુભવ થશે.

**નોંધ :** (1) NHAIની સ્થાપના NHAI એક્ટ, 1988 હેઠળ કરવામાં આવી હતી.

(2) તેને નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (NHDP) તેમજ વિકાસ, જાળવણી અને સંચાલન માટેના અન્ય નાના પ્રોજેક્ટ્સ સોંપવામાં આવ્યા છે.



1. તાજેતરના આંકડા મુજબ નાણાકીય વર્ષ 2023 (જાન્યુઆરી 2023) સુધીમાં ભારતમાં કયો જિલ્લો ટોચનો નિકાસ કરનારો જિલ્લો બન્યો છે ?

(A) સુરત (B) જામનગર (C) બેંગ્લોર (D) મુંબઈ **(B)**

2. તાજેતરમાં 'નાગરિક સંઘ (સિવિલ યુનિયન) શબ્દ ચર્ચામાં હતો. તેના સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. નાગરિક સંઘ અથવા સિવિલ યુનિયન એ એક કાનૂની દરજ્જો છે.
2. તે સમલૈંગિક યુગલોને સમાન અધિકારો અને જવાબદારી આપે છે જે સામાન્ય રીતે પરણિત યુગલોને આપવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચા છે.

(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. **(C)**

3. તાજેતરમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ સમગ્ર દેશમાં લગભગ કેટલા કિ.મી. ઓપ્ટિક ફાઈબર કેબલ (OFC) ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની જાહેરાત કરી છે?

(A) 10,000 (B) 50,000 (C) 3,000 (D) 1,000 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 એપ્રિલ, (1) નેશનલ સિવિલ સર્વિસ ડે (National Civil Service Day)
## (2) વિશ્વ સર્જનાત્મક્તા અને નવીનતા દિવસ (World Creativity and Innovation Day)

### નેશનલ સિવિલ સર્વિસ ડે



ભારતમાં નાગરિક સેવા સાથે સંકળાયેલા અધિકારીઓના કાર્ય અને પ્રયત્નોને પ્રોત્સાહન આપવા અને તેને બિરદાવવા માટે દર વર્ષે 21 એપ્રિલના રોજ 'નેશનલ સિવિલ સર્વિસ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી નિમિત્તે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ઉત્કૃષ્ઠતા માટે વર્ષ 2006થી દર વર્ષે ત્રણ કેટેગરીમાં પ્રધાનમંત્રી એવોર્ડ પણ એનાયત કરવામાં આવે છે.
- આ દિવસે એટલે કે 21 એપ્રિલ, 1947ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે નવી દિલ્હીના મેટકાફ હાઉસમાં ઓલ ઈન્ડિયા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ટ્રેનિંગ સ્કુલના પ્રોબેશનરી અધિકારીઓને ઐતિહાસિક સંબોધન કર્યુ હતું.
- આ અધિકારીઓને સંબોધિત કરતી વખતે સિવિલ કર્મચારીઓને 'સ્ટીલ ફ્રેમ ઓફ ઈન્ડિયા' કહ્યું હતું.
- બ્રિટિશ યુગમાં સિવિલ સર્વિસ શબ્દનો ઉપયોગ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની વહીવટી નોકરીમાં કર્મચારી માટે થયો હતો.
- ભારતમાં સિવિલ સર્વિસનો પાયો વોરન હેસ્ટિંગ્સ દ્વારા નાખવામાં આવ્યો હતો પરંતુ પાછળથી કોર્નવોલિસ દ્વારા તેમાં વધુ સુધારા કરવામાં આવ્યા હતા.
- આથી, કોર્નવોલિસને ભારતમાં સિવિલ સર્વિસના પિતા તરીકે ઓળખવામાં આવે છે.
- જ્યારે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એ સિવિલ સર્વિસ માટે આપેલ યોગદાનના કારણે તેમને ભારતના પેટ્રોન સેન્ટ તરીકે ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE

## નેશનલ ક્વોન્ટમ મિશન (National Quantum Mission)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ક્વોન્ટમ ટેક્નોલોજીમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન અને વિકાસને સમર્થન આપવા માટે 'નેશનલ ક્વોન્ટમ મિશન' (NQM)ને મંજૂરી આપી છે.

### નેશનલ ક્વોન્ટમ મિશન



તેની કુલ કિંમત 2023-24 થી 2030-31 સુધી રૂ.6003.65 કરોડ છે.

- તેનો અમલ વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (DST) દ્વારા કરવામાં આવશે.
- વર્ષ 2023-2031 માટે આયોજિત મિશનનો ઉદ્દેશ્ય વૈજ્ઞાનિક ઔદ્યોગિક સંશોધન અને વિકાસનું બીજ, સંવર્ધન અને સ્કેલ વધારવાનો અને ક્વોન્ટમ ટેક્નોલોજી (QT)માં વાઈબ્રન્ટ અને નવીન ઈકોસિસ્ટમ બનાવવાનો છે.
- અને સાથે સાથે સ્વદેશી રીતે ક્વોન્ટમ–આધારિત (ફિઝિકલ ક્વિબીટ) કમ્પ્યૂટરો બનાવવાની દિશામાં કામ કરશે જે અત્યંત જટિલ સમસ્યાઓને અત્યંત સુરક્ષિત રીતે કરવા માટે વધુ શક્તિશાળી છે.
- આ મિશનની શરૂઆત સાથે ભારત યુએસ, ઑસ્ટ્રિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, કેનેડા અને ચીન પછી સમર્પિત ક્વોન્ટમ મિશન ધરાવતો સાતમો દેશ બની જશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશેષતાઓ

તે 5 વર્ષમાં 5-100 ફિઝિકલ ક્યુબિટ્સ અને 8 વર્ષમાં 50-1000 ફિઝિકલ ક્વિટ્સ સાથે ઈન્ટરમીડિયેટ સ્કેલ ક્વોન્ટમ કમ્પ્યુટર્સ વિકસાવવાનું લક્ષ્ય રાખશે.

- 'ક્યુબિટ્સ' અથવા 'ક્વોન્ટમ બિટ્સ' એ ક્વોન્ટમ કમ્પ્યુટર્સ દ્વારા ઉપયોગમાં લેવાતી પ્રક્રિયાના એકમો છે. કારણ કે બિટ્સ (1 અને 0)એ મૂળભૂત એકમો છે જેના દ્વારા કમ્પ્યૂટર માહિતીની પ્રક્રિયા કરે છે.
- આ મિશન ચોક્કસ સમય (અણુ ઘડિયાળો), સંચાર અને નેવિગેશન માટે ઉચ્ચ–સંવેદનશીલતા મેગ્નોમીટર વિકસાવવામાં મદદ કરશે.
- તે ક્વોન્ટમ ઉપકરણોના ફેબ્રિકેશન માટે સુપરકન્ડક્ટર્સ, નોવેલ સેમિકન્ડક્ટર સ્ટ્રક્ચર્સ અને ટોપોલોજિકલ સામગ્રી જેવી ક્વોન્ટમ સામગ્રીની ડિઝાઈન અને સંશ્લેષણને પણ સમર્થન આપશે.

- આ ઉપરાંત આ મિશન નીચેનાને વિકસાવવામાં પણ મદદ કરશે :
  (a) ભારતની અંદર 2000 કિ.મી.ની શ્રેણીમાં ગ્રાઉન્ડ સ્ટેશનો વચ્ચે સેટેલાઈટ આધારિત સુરક્ષિત ક્વોન્ટમ સંચાર
  (b) ઈન્ટર–સિટી ક્વોન્ટમ કી વિતરણ 2000 કિ.મી.
  (c) ક્વોન્ટમ મેમરી સાથે મલ્ટી–નોડ ક્વોન્ટમ નેટવર્ક
  (d) અન્ય દેશો સાથે લાંબા અંતરના સુરક્ષિત ક્વોન્ટમ સંચાર
- ક્વોન્ટમ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ટોચની શૈક્ષણિક અને રાષ્ટ્રીય સંશોધન અને વિકાસ સંસ્થાઓમાં ચાર થીમેટિક હબ (T-Hubs)ની સ્થાપના કરવામાં આવશે :
  (1) ક્વોન્ટમ ગણતરી
  (2) ક્વોન્ટમ કમ્યુનિકેશન
  (3) ક્વોન્ટમ સેન્સિંગ અને મેટ્રોલોજી
  (4) ક્વોન્ટમ સામગ્રી અને ઉપકરણો

## નેશનલ ક્વોન્ટમ મિશનનું મહત્વ

નેશનલ ક્વોન્ટમ મિશનની કોમ્યુનિકેશન, હેલ્થ, ફાઈનાન્સ, એનર્જી, ડ્રગ ડિઝાઈન અને સ્પેસ એપ્લિકેશન સહિતના અનેક ઉદ્યોગો પર સકારત્મક અસર પડશે.

- આ મિશન ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, સ્ટેન્ડ–અપ ઈન્ડિયા, સ્ટાર્ટ–અપ ઈન્ડિયા, આત્મ–નિર્ભર ભારત અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ જેવી રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સંરેખિત છે.
- આ મિશન ક્વોન્ટમ ટેક્નોલોજીમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માંગે છે.
- તેનો ઉદ્દેશ ક્વોન્ટમ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ગતિશીલ અને નવીન ઈકોસિસ્ટમ બનાવવાનો છે.
- આ મિશન ભારતમાં ક્વોન્ટમ ટેક્નોલોજીના વિકાસ અને વિસ્તરણને સરળ બનાવશે.

## ક્વોન્ટમ ટેક્નોલોજી

ક્વોન્ટમ ટેક્નોલોજી ક્વોન્ટમ મિકેનિક્સના સિદ્ધાંત પર આધારિત છે.

- જે 20મી સદીની શરૂઆતમાં અણુઓ અને પ્રાથમિક કણોના સ્કેલ પર પ્રકૃતિનું વર્ણન કરવા માટે વિકસાવવામાં આવી હતી.
- ક્વોન્ટમ મિકેનિક્સ એ ભૌતિકશાસ્ત્રની શાખા છે જે અણુ અને સબએટોમિક સ્તરે દ્રવ્ય અને ઊર્જાના વર્તનનું વર્ણન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો દેશ : UN

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)એ તેનો વાર્ષિક સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન (SOWP) રિપોર્ટ 19 એપ્રિલ, 2023ના રોજ બહાર પાડ્યો હતો.

- સંયુક્ત રાષ્ટ્રના આંકડા અનુસાર 2023ના મધ્ય સુધીમાં ભારત હવે વિશ્વનો સૌથી વધારે વસતી ધરાવતો દેશ બની જશે.
- જુલાઈ 2023 સુધીમાં ભારતની વસતી 142.86 કરોડને પાર કરી જશે જ્યારે ચીનની વસતી 142.57 કરોડ રહેવાનો અંદાજ છે.
- સંયુક્ત રાષ્ટ્રએ ગયા વર્ષે જ અનુમાન વ્યક્ત કર્યુ હતું કે આવતા વર્ષ સુધીમાં ભારત સૌથી વધારે વસતીના મામલે ચીનને પાછળ રાખી દેશે.
- સૌથી વધારે વસતીના સંબંધમાં UNFPAએ 'ધ સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ, 2023'ને પ્રસિદ્ધ કર્યો હતો. આ રિપોર્ટનું નામ 8 બિલિયન લાઈવ્સ, ઈનફિનિટ પોસિબિલિટીસ : ધ કેસ ફોર રાઈટ્સ એન્ડ ચોઈસ છે.
- આ આંકડા ડેમોગ્રાફિક ઈન્ડિકેટર્સની કેટેગરીમાં અપાયેલા છે. UNFPAના મીડિયા સલાહકાર અન્ના જેફરીઝે જણાવ્યું હતું કે આ સ્પષ્ટ નથી કે ભારતે ચીનને ક્યારે પાછળ છોડ્યું છે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે વાસ્તવમાં બે દેશની તુલના કરવી ખૂબ જ મુશ્કેલ છે. કારણ કે બંને દેશોના ડેટા કલેક્શનમાં થોડુ અંતર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રિપોર્ટના અન્ય મુખ્ય તારણો

UNFPAના આ અહેવાલ મુજબ વર્તમાન વૈશ્વિક વસતી 8,045 મિલિયન છે.

- વસતીનો સૌથી મોટો હિસ્સો 15 થી 64 વર્ષની વય વચ્ચેનો છે, જે વિશ્વની 65% વસતીનું પ્રતિનિધિત્વ કરે છે.
- પૂર્વ અને દક્ષિણ પૂર્વ એશિયા, મધ્ય અને દક્ષિણ એશિયામાં સૌથી વધુ વસતી છે, જેમાં 2022માં પ્રત્યેક 1.4 બિલિયનથી વધુ લોકો છે.
- રિપોર્ટ રિપ્લેસમેન્ટ ફર્ટિલિટી રેટ પર પ્રકાશ પાડે છે, જે સ્થિર વસતી સ્તર જાળવવા માટે સ્ત્રીને જરૂરી બાળકોની સંખ્યા છે.
- રિપ્લેસમેન્ટ પ્રજનન દર સ્ત્રી દીઠ 2.1 બાળકો છે.
- આ અહેવાલ મુજબ વિશ્વની 60% વસતી એવા વિસ્તારમાં રહે છે જ્યાં પ્રજનન દર રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે આવે છે, જે વસતી વૃદ્ધિ અને આર્થિક વિકાસ પર અસર કરી શકે છે.

- આંતરરાષ્ટ્રીય સ્થળાંતર ઘણા દેશોમાં વસતી વૃદ્ધિના ડ્રાઈવર તરીકે ઓળખાય છે. અહેવાલ મુજબ પાકિસ્તાનમાં 2010 અને 2021ની વચ્ચે સૌથી વધુ સ્થળાંતર કરનારાઓનો પ્રવાહ જોવા મળ્યો છે.
- ભારતીય પુરુષનું સરેરાશ આયુષ્ય 71 વર્ષ અને સ્ત્રીઓનું 74 વર્ષ હોવાનો અંદાજ છે.
- રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વૈશ્વિક સ્તરે પુરુષોનું વર્તમાન આયુષ્ય 71 વર્ષ છે. અને સ્ત્રીઓ માટે 76 વર્ષ હોવાનો અંદાજ છે.
- 2021માં નવજાત શિશુઓની સૌથી વધુ સંખ્યા એશિયા અને સબ–સહારન આફ્રિકામાં હતી, જે આ પ્રદેશોમાં માતા અને બાળ સ્વાસ્થ્યમાં રોકાણની જરૂરિયાતને પ્રકાશિત કરે છે.

નોંધ : (1) 2037 સુધીમાં દક્ષિણ એશિયા વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો પ્રદેશ બનવાની ધારણા છે.

(2) 2050 સુધીમાં વૈશ્વિક વસતીમાં અંદાજિત અડધાથી વધુનો વધારો આઠ દેશોમાં કેન્દ્રિત થશે–કોંગો, ઈજિપ્ત, ઈથોપિયા, ભારત, નાઈજીરિયા, પાકિસ્તાન, ફિલિપાઈન્સ અને તાંઝાનિયા.

(3) યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA), જે અગાઉ યુનાઈટેડ નેશન્સ ફંડ ફોર પોપ્યુલેશન એક્ટિવિટીઝ હતું. તે યુએનની એજન્સી છે.

(4) UNFPAએ 1969માં યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ ફંડના વહીવટ હેઠળ યુનાઈટેડ નેશન્સ ફંડ ફોર પોપ્યુલેશન એક્ટિવિટીઝ તરીકે કામગીરી શરૂ કરી હતી.

નોંધ : ઉપર દર્શાવેલ તમામ આંકડા UNFPAએ એપ્રિલ 2023માં જાહેર કરેલ આંકડા મુજબ છે. જેમાં ભવિષ્યમાં વધઘટ થવાની સંભાવના છે. જેની સર્વે વિદ્યાર્થી મિત્રોએ નોંધ લેવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




**1.** ભારતમાં 'નેશનલ સિવિલ સર્વિસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ **(B)**

**2.** 'વિશ્વ સર્જનાત્મક અને નવીનતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ **(B)**

**3.** તાજેતરમાં કેન્દ્ર સરકારે 'નેશનલ ક્વોન્ટમ મિશન' (National Quantum Mission)ની મંજૂરી આપવામાં આવી છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેની કુલ કિંમત 2023-24 થી 2030-31 સુધી રૂ.6003.65 કરોડ છે.
2. તેનો અમલ વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (DST) દ્વારા કરવામાં આવશે.
3. આ મિશન હેઠળ સુપર કમ્પ્યૂટર બનાવવા માટે IIT રૂરકી અને IIT મદ્રાસ સાથે MoU કરવામાં આવ્યા છે.
4. વર્ષ 2023-2031 માટે આયોજિત આ મિશનનો ઉદ્દેશ્ય વૈજ્ઞાનિક ઔદ્યોગિક સંશોધન અને વિકાસનું બીજ, સંવર્ધન અને સ્કેલ વધારવાનો તથા ક્વોન્ટમ ટેક્નોલોજીમાં વાઈબ્રન્ટ અને નવીન ઈકોસિસ્ટમ વિકસાવવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

**4.** તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)ના રિપોર્ટ અનુસાર જુલાઈ 2023 સુધીમાં વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો દેશ કયો હશે ?

(A) ચીન (B) ભારત (C) અમેરિકા (D) ઈજિપ્ત **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day)

પર્યાવરણ સંરક્ષણના સમર્થન માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 એપ્રિલના રોજ 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1970થી થયો હતો.
- વર્ષ 2023માં તેની 53મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે.
- વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીનો પ્રારંભ શ્રી જેરાલ્ડ નેલ્સન નામના અમેરિકાના સેનેટર દ્વારા 'પર્યાવરણ શિક્ષણ'ના રૂપમાં કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2009માં સંયુક્ત રાષ્ટ્રએ 22 એપ્રિલને 'આંતરરાષ્ટ્રીય માતૃ પૃથ્વી દિવસ' (International Mother Earth Day) તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- વર્ષ 2023ની 'વિશ્વ પૃથ્વી દિવસ'ની થીમ 'Invest In our Planet' છે.

નોંધ: (1) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 એપ્રિલ 'World Earth Day' ઉપરાંત "International Mother Earth Day" તરીકે પણ ઉજવાય છે.

(2) સમગ્ર વિશ્વમાં 22 એપ્રિલ 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવાય છે, જ્યારે અમેરિકામાં તેને 'વૃક્ષ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

(3) 22 એપ્રિલ, 2016ને 'વિશ્વ પૃથ્વી દિવસ'ના રોજ વિશ્વના કુલ 122 દેશો દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે ઐતિહાસિક 'પેરિસ સમજૂતી' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વૈશ્વિક બૌદ્ધ સમિટ 2023

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘ (IBC)ની ભાગીદારીમાં સંસ્કૃતિ મંત્રાલયે અન્ય દેશો સાથે સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધોને વધારવાના ઉદ્દેશ્ય સાથે પ્રથમ 'વૈશ્વિક બૌદ્ધ સમિટ 2023'નું આયોજન નવી દિલ્હી ખાતે કર્યું હતું.



- 20 એપ્રિલ, 2023ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સમિટનું ઉદ્ઘાટન કર્યું હતું.
- આ બે દિવસીય 'વૈશ્વિક બૌદ્ધ સમિટ' નવી દિલ્હી ઘોષણા સાથે સમાપ્ત થઈ હતી.

## વૈશ્વિક બૌદ્ધ સમિટ 2023

બે દિવસીય સમિટમાં વિવિધ દેશોના બૌદ્ધ સાધુઓએ ભાગ લીધો હતો.

- આ ઉપરાંત વિશ્વભરમાંથી જાણીતા વિદ્વાનો, સંઘના નેતાઓ અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓએ આ સમિટમાં ભાગ લીધો હતો.
- આ સમિટની થીમ 'Responses to Contemporary Challenges : Philosophy to Praxis' (સમકાલીન પડકારોનો પ્રતિસાદ : ફિલોસોફીથી પ્રેક્ટિસ સુધી) હતી.
- આ ઉપરાંત અન્ય પેટા થીમ નીચે મુજબની હતી :

(1) બૌદ્ધ ધર્મ અને શાંતિ

(2) બૌદ્ધ ધર્મ : પર્યાવરણીય કટોકટી, આરોગ્ય અને ટકાઉપણુ

(3) નાલંદા બૌદ્ધ પરંપરાની જાળવણી

(4) બુદ્ધ ધમ્મા યાત્રાધામ, જીવંત વારસો અને બુદ્ધ અવશેષો : દક્ષિણ, દક્ષિણપૂર્વ અને પૂર્વ એશિયાના દેશો સાથે ભારતના સદીઓ–જૂના સાંસ્કૃતિક સંબંધો માટે લવચીક પાયો.

- આ સમિટનો ઉદ્દેશ્ય સંબંધિત વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવાનો અને બૌદ્ધ ધર્મમાં સાર્વત્રિક મૂલ્યોના આધારે ઉકેલો શોધવાનો છે.
- તેનો ઉદ્દેશ બૌદ્ધ વિદ્વાનો અને ધાર્મિક નેતાઓ માટે એક મંચ પૂરો પાડવાનો છે.
- આ વૈશ્વિક સમિટ બૌદ્ધ ધર્મના વિકાસ અને વિસ્તરણમાં ભારતના મહત્વને ચિહ્નિત કરશે કારણ બૌદ્ધ ધર્મ ભારતમાં ઉદ્ભવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IBC

IBC (આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘ) એ સૌથી મોટું ધાર્મિક બૌદ્ધ સંઘ છે.

- તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક મંચ પર બૌદ્ધ ધર્મ માટે વારસાને જાળવવામાં મદદ કરવા, જ્ઞાન, વહેંચવા અને મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક સંવાદમાં અર્થપૂર્ણ સહભાગિતા માણવા માટે બૌદ્ધ ધર્મ માટે સંયુક્ત પ્લેટફોર્મનું પ્રતિનિધિત્વ કરવાનો છે.
- નવેમ્બર 2011માં નવી દિલ્હીમાં વૈશ્વિક બૌદ્ધ મંડળ (GBC)નું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ઉપસ્થિતોએ સર્વસંમતિથી આંતરરાષ્ટ્રીય સંસ્થા–IBCની રચના કરવાનો સંકલ્પ કર્યો હતો.
- IBCનું મુખ્ય મથક દિલ્હી ખાતે આવેલું છે.

## જળાશયોની પ્રથમ ગણતરી : સૌથી વધુ તળાવો અને જળાશયો ધરાવતા રાજ્યોની યાદીમાં બંગાળ પ્રથમ ક્રમે



તાજેતરમાં જળશક્તિ મંત્રાલયે દેશના જળ સંસાધનોની મહત્વપૂર્ણ આંતરદષ્ટિ પૂરી પાડતા જળ સંસ્થાઓની પ્રથમ ગણતરી અહેવાલ બહાર પાડ્યો હતો.

- આ ગણતરી અનુસાર ભારતમાં પાણીના સ્ત્રોતોની વ્યાપક યાદી પણ પૂરી પાડે છે, જે ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચેની અસમાનતાઓ અને અતિક્રમણના વિવિધ સ્તરોને દર્શાવે છે.
- જળ સંસ્થા અથવા જળ એકમોની ગણતરી વર્ષ 2017-18 માટે છઠ્ઠી લઘુ સિંચાઈ ગણતરી સાથે મળીને કરવામાં આવી હતી.
- તે વોટર બોડીને 'સિંચાઈ અથવા અન્ય હેતુઓ માટે પાણીના સંગ્રહ માટે ઉપયોગમાં લેવાતા ચણતરની દિવાલો સાથે અથવા વગર પાણીનું કુદરતી અથવા માનવસર્જિત એકમ' તરીકે વ્યાખ્યાયિત કરે છે.
- આ ગણતરીનો ઉદ્દેશ્ય ભારતના જળ સંસાધનોની ઈવેન્ટરી પ્રદાન કરવાનો છે. જેમાં તળાવ, ટાંકીઓ, તળાવો અને વધુ જેવા કુદરતી અને માનવસર્જિત જળાશયોનો સમાવેશ થાય છે અને જળ સંસ્થાઓના અતિક્રમણ પર ડેટા એકત્રિત કરવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


### મુખ્ય તારણો

આ ગણતરીમાં સમગ્ર દેશમાં કુલ 24,24,540 જળાશયોની ગણતરી કરવામાં આવી હતી.

- જેમાં પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ (7.47 લાખ) અને સિક્કિમમાં સૌથી ઓછા (134) હતા.
- અહેવાલમાં જણાવ્યા અનુસાર પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ સંખ્યામાં તળાવો અને જળાશયો છે.
- પશ્ચિમ બંગાળમાં જળાશયોની દષ્ટિએ ટોચનો જિલ્લો દક્ષિણ 24 પરગણા છે.
- અહેવાલ અનુસાર આંધ્રપ્રદેશમાં સૌથી વધુ ટેન્ક છે અને તમિલનાડુમાં સૌથી વધુ સરોવરો છે.
- જળ સંરક્ષણ યોજનાઓમાં મહારાષ્ટ્ર ટોચ પર છે.
- અહેવાલમાં જણાવાયું છે કે 97.1 ટકા જળાશયો ગ્રામીણ વિસ્તારમાં છે જ્યારે માત્ર 2.9 ટકા શહેર વિસ્તારોમાં છે.

- મોટાભાગના જળ એકમો તળાવો છે, ત્યારબાદ ટાંકીઓ, જળાશયો, જળ સંરક્ષણ યોજનાઓ, લીકેજ ટાંકીઓ અને ચેકડેમ છે.
- ગણતરીમાં પ્રથમ વખત જળ સંસ્થાઓના અતિક્રમણ અંગેનો ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો.
- જે દર્શાવે છે કે તમામ ગણતરી કરાયેલા જળાશયોમાંથી 1.6 ટકા અતિક્રમણ કરવામાં આવ્યું છે, જેમાં 95.4 ટકા ગ્રામીણ વિસ્તારોમાં અને બાકીના 4.6 ટકા શહેરી વિસ્તારોમાં છે.

ICE COMPETITIVE EXAMS



1. 'વિશ્વ પૃથ્વી દિવસ' અથવા 'પૃથ્વી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ **(C)**

2. વર્ષ 2023ના 'વિશ્વ પૃથ્વી દિવસ'ની થીમ શું છે ?

(A) Climat Change (B) Climat Task

(C) Invest in our Planet (D) Support Earth and Save Trees **(C)**

3. તાજેતરમાં પ્રથમ 'વૈશ્વિક બૌદ્ધ સમિટ' કયાં યોજાઈ હતી ?

(A) દિલ્હી (B) ચેન્નાઈ (C) કાઠમંડુ (D) બેઈજિંગ **(A)**

4. આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘ (IBC)નું વડું મથક કયાં આવેલું છે ?

(A) દિલ્હી (B) બેઈજિંગ (C) થીમ્ફુ (D) ટોક્યો **(A)**

5. તાજેતરમાં જળશક્તિ મંત્રાલયે દેશના જળ સંસાધનોની મહત્વપૂર્ણ આંતરદષ્ટિ પૂરી પાડતા જળ સંસ્થાઓની પ્રથમ ગણતરીનો અહેવાલ બહાર પાડ્યો હતો. તેના સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. આ ગણતરીમાં સમગ્ર દેશમાં કુલ 24,24,540 જળાશયોની ગણતરી કરવામાં આવી હતી.
2. જેમાં પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ (7.47 લાખ) અને સિક્કિમમાં સૌથી ઓછા (134) હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચા છે.

(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ.110 કરોડના ખર્ચે પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર ડેમ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યુ**



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના કસબાપર ખાતે પૂર્ણા નદી પર રૂ.110 કરોડના ખર્ચે 'પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર ડેમ પ્રોજેક્ટ'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. તેમણે વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે ભૂમિ પૂજન સમારોહ પણ કર્યો હતો. આ ઉપરાંત તેમણે 'પૂર્ણા ટાઈડલ રેગ્યુલેટર સ્કીમ'ની ઇ–પ્લેકનું અનાવરણ કર્યુ હતું અને પ્રોજેક્ટ સાઈટ પર ભૂમિપૂજન કર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રેગ્યુલેટર પ્રોજેક્ટથી નવસારી શહેર અને આજુબાજુના 21 ગામોના લોકોને આર્થિક લાભ થવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. અને જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ 18 કિમી લંબાઈનો વિશાળ જળાશય બનાવશે, જેથી 255 મિલિયન ઘનફૂટ શુદ્ધ પાણીનો સંગ્રહ થશે. આ પ્રોજેક્ટ થી 21 ગામોની 4200 એકર જમીનને સિંચાઈનો લાભ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **વડોદરા જિલ્લાના ચાણસદમાં નારાયણ સરોવરનું લોકાર્પણ**



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચાણસદમાં નારાયણ સરોવરનું લોકાર્પણ કર્યુ હતું. પ્રમુખ સ્વામી મહારાજની પ્રાગટ્ય સ્થાન એવા ચાણસદમાં આધ્યાત્મિક જ્ઞાનના મહાસાગર એવા નારયણ સરોવરનું લોકાર્પણ કરતા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિના ત્રણ આધારસ્તંભ–સંત, શાસ્ત્ર અને મંદિરને મજબૂત કરવાનું યુગકાર્ય પ્રમુખ સ્વામી મહારાજના હસ્તે થયું છે. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ તથા બી.એ.પી.એસ સ્વામીનારાયણ સંસ્થાના સયુંક્ત સહયોગથી આ સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# ભારત

## ➤ આંબેડકર સર્કિટ ટૂરિસ્ટ ટ્રેન



ભારતમાં સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ભારત સરકારે તાજેતરમાં ‘દેખો અપના દેશ’ પહેલ હેઠળ આંબેડકર સર્કિટ ટૂરિસ્ટ ટ્રેન શરૂ કરી છે. આ આઠ દિવસીય વિશેષ પ્રવાસમાં ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા આઠ મહત્વના સ્થળોને આવરી લેવામાં આવ્યા છે. જેમ કે નવી દિલ્હી, મહુ, નાગપુર, સાંચી, સારનાથ, ગયા, રાજગીર અને નાલંદા. આ ટ્રેન પ્રવાસન અને રેલવે મંત્રાલયોની સંયુક્ત પહેલ છે. 14 એપ્રિલ 2023ના રોજ દિલ્હીના નિઝામુદીન રેલવે સ્ટેશન ખાતે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનનો ફ્લેગ ઓફ સમારોહ યોજાયો હતો. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી જી.કિશન રેડ્ડીએ ટ્રેનને લીલી ઝંડી આપી હતી.

## ➤ ઉત્તરમેરુર શિલાલેખ (તમિલનાડુ)



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ભારતના લોકતાંત્રિક ઈતિહાસની ચર્ચા કરતી વખતે તમિલનાડુના કાંચીપુરમ ખાતેના ઉત્તરામેરુર શિલાલેખનો ઉલ્લેખ કર્યો હતો. આ શિલાલેખ પરંતક Iના શાસન દરમિયાન ગ્રામ સ્વ–શાસનની કામગીરીની વિગતવાર માહિતી પ્રદાન કરે છે. ઉત્તરામેરુર હાલના કાંચીપુરમ જિલ્લાનું એક નાનું શહેર પલ્લવ અને ચોલ શાસન દરમિયાન બાંધવામાં આવેલા તેના ઐતિહાસિક મંદિરો માટે જાણિતું છે. શિલાલેખો સ્થાનિક એસેમ્બલી કે ગ્રામ એસેમ્બલી કેવી રીતે કામ કરતી હતી ?, સભ્યોની પસંદગી કેવી રીતે કરવામાં આવી, તેમની આવશ્યક લાયકાતો અને ભૂમિકાઓ અને જવાબદારીઓ વગેરે વિશે માહિતી આપે છે.

## ➤ ઈલેક્ટ્રોમેગ્નેટિક આયન સાયક્લોટ્રોન તરંગો

વૈજ્ઞાનિકોએ ભારતીય એન્ટાર્કટિક સ્ટેશન મૈત્રી ખાતે ઈલેક્ટ્રોમેગ્નેટિક આયન સાયક્લોટ્રોન (EMIC) તરંગો ઓળખી અને દર્શાવ્યા છે, જે પ્લાઝમાં તરંગોનું સ્વરૂપ છે. આ તરંગો કિલર ઈલેક્ટ્રોનના અવક્ષેપમાં મહત્વની ભૂમિકા ભજવે છે. જે આપણી સ્પેસ–બોર્ન ટેક્નોલોજી/ઈન્સ્ટ્રુમેન્ટ માટે હાનિકારક છે. આ અભ્યાસ નીચી ભ્રમણકક્ષામાં મૂકવામાં આવેલા ઉપગ્રહો પર રેડિયેશન પટ્ટામાં ઊર્જાસભર કણોની અસરને સમજવામાં મદદરૂપ થઈ શકે છે. EMIC તરંગો એ પૃથ્વીના ચુંબકમંડળમાં જોવા મળતા માઈક્રો સ્કોપિક ઈલેક્ટ્રોમેગ્નેટિક ઉત્સર્જન છે. આ તરંગો વિષુવવૃત્તિય અક્ષાસોમાં ઉદ્‌ભવે છે. અને ઉચ્ચ અક્ષાંસ આયનોસ્ફિયરમાં ચુંબકીય ક્ષેત્ર રેખાઓ સાથે પ્રસારિત થાય છે.

➤ **નમન કાર્યક્રમ**

નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સિસ (NIMHANS) અને એનજીઓ આશ્રય હસ્ત ટ્રસ્ટ (NHT) એ તાજેતરમાં 'નમન' નામના એક મોડેલ વ્યાપક ગ્રામીણ માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમની શક્યતા ચકાસવા માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા હતા. નમન કાર્યક્રમ સમુદાયમાં પ્રવર્તમાન માનવ સંસાધનોનો ઉપયોગ કરીને લક્ષિત તાલુકાઓની સમગ્ર વસતીને પ્રોત્સાહક, નિવારક, ઉપચારત્મક અને પુનર્વસન સંભાળ પૂરી પાડવાની કલ્પના કરે છે. તેને 3 વર્ષમાં ચાર તબક્કામાં લાગુ કરવામાં આવશે. નમન કાર્યક્રમના અમલીકરણ માટે પસંદ કરાયેલા બે તાલુકાઓ ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં મુનસ્યારી અને કર્ણાટકના હાસન જિલ્લામાં આવેલ બેલુર તાલુકો છે. NIMHANS કાર્યક્રમ માટે એકંદર રોડમેપ વિકસાવશે અને અમલમાં મૂકશે અને AIIMS-ઋષિકેશ ઉત્તરાખંડમાં કાર્યક્રમ પહોંચાડવા માટે NIMHANS સાથે સહયોગ કરશે.

➤ **ભારતમાં સંકુચિત બાયોગેસ પર વૈશ્વિક પરિષદ**

IFGE-CBG પ્રોડ્યુસર્સ ફોરમ દ્વારા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સહયોગથી કોમ્પ્રેસ્ડ બાયોગેસ પર બે દિવસીય વૈશ્વિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતમાં કમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG)ના પ્રચાર માટે આ એક નોંધપાત્ર ઘટના છે. આ કોન્ફરન્સનું આયોજન 17 થી 18 એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું હતું. તે ભારતમાં સંકુચિત બાયોગેસ ઉદ્યોગના વિકાસ અને વૃદ્ધિ માટે પ્રગતિશીલ નીતિ માળખું બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે. આ કોન્ફરન્સનો પ્રાથમિક ઉદ્દેશ્ય સંકુચિત બાયોગેસ ઉદ્યોગના વિકાસ માટે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલી પહેલો વિશે માહિતીગાર કરવાનો છે અને નીતિઓમાં સુધારાની આવશ્યકતા હોય તેવા ક્ષેત્રોને ઓળખવાનો છે.

➤ **રશિયા - ભારત દ્વિપક્ષીય વેપાર**

તાજેતરમાં રશિયાના નાયબ વડાપ્રધાને ભારતમાં 24મી રશિયા–ભારત ઈન્ટર–ગવર્નમેન્ટલ કમિશન (IGC)ની બેઠકમાં ભાગ લીધો હતો. રશિયાએ પશ્ચિમ બનાવટના ઉત્પાદન સાધનોને બદલવા માટે ભારત પાસેથી મશીનરી ખરીદવામાં રસ દાખવ્યો છે. યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ડિલિવરી અને ચૂકવણી સંબંધિત પડકારોને પહોંચી વળવા બંને દેશોએ ભારત–રશિયા સંરક્ષણ સહયોગની સમીક્ષા કરી છે. બંને દેશોએ રશિયન ફાર ઈસ્ટર્ન ક્ષેત્ર માટે ભારતની યોજનાઓ પર ચર્ચા કરી, જે ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં રશિયાની વ્યૂહરચનાઓ અભિન્ન ભાગ છે. બંને દેશો વચ્ચે વેપારને વધુ વેગ આપવા માટે તેઓએ દ્વિપક્ષીય વેપાર પ્રયાસો અને નવા ઔદ્યોગિક બિંદુઓની ઓળખ અંગે ચર્ચા કરી હતી.

## ➤ અપ્પાસાહેબ ધર્માધિકારીને મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા



મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કાર મહારાષ્ટ્ર રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે આપવામાં આવતો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. તે એક પ્રતિષ્ઠિત પુરસ્કાર છે જે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ અને યોગદાનને પ્રોત્સાહન આપે છે. આ પુરસ્કારનો સમૃદ્ધ ઈતિહાસ છે અને સમાજમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર ઘણી નોંધપાત્ર વ્યક્તિઓને એનાયત કરવામાં આવ્યો છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહએ પરોપકારી પ્રયાસો માટે જાણીતા વ્યક્તિત્વ અપ્પાસાહેબ ધર્માધિકારીને એવોર્ડ અર્પણ કર્યો હતો. તેઓએ માનવતાની સેવામાં પોતાનું જીવન સમર્પિત કર્યુ છે અને ડો. શ્રી નાનાસાહેબ ધર્માધિકારી પ્રતિષ્ઠાનની સ્થાપના કરી છે જે પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ, આરોગ્ય, શિક્ષણ, વ્યવસાય, આપત્તિ વ્યવસ્થાપન અને પરિવહન જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત છે.

## ➤ ભારતના દરિયાકાંઠાના શહેરોમાં દરિયાઈ કચરાનો સામનો કરવા ગઠબંધન

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (CSE) એક દિલ્હી સ્થિત બિન–લાભકારી સંસ્થા છે, જેણે દરિયાઈ કચરાના પ્રદૂષણને પહોંચી વળવા ભારતભરના દરિયાકાંઠાના શહેરોનું ગઠબંધન શરૂ કર્યુ છે. આ જોડાણનો ઉદ્દેશ દરિયાઈ કચરાના પ્રદૂષણના ગંભીર ટ્રાન્સબાઉન્ડ્રી મુદ્દાને સંબોધવાનો છે, જે દરિયાઈ જીવસૃષ્ટિ અને દરિયાઈ જીવનને નુકસાન પહોંચાડવા માટે જવાબદાર છે. લગભગ 80% દરિયાઈ કચરો જમીન–આધારિત ઘન કચરાના ગેરવહીવટમાંથી આવે છે જે વિવિધ જમીન–થી–સમુદ્ર માર્ગો દ્વારા સમુદ્ર સુધી પહોંચે છે. ગઠબંધન પ્લાસ્ટિક પ્રદૂષણને પહોંચી વળવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જે દરિયાઈ ઈકોસિસ્ટમમાં સમાપ્ત થતા તમામ કચરામાંથી 90% હિસ્સો ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મા કામાખ્યા કોરિડોર

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આશા વ્યક્ત કરી હતી કે મા કામાખ્યા કોરિડોર કાશી વિશ્વનાથ ધામ અને શ્રી મહાકાલ મહાલોક કોરિડોરની તર્જ પર ખૂબ જ મહત્વનું સ્થાન બનશે. મા કામાખ્યા કોરિડોરએ એક પ્રસ્તાવિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે જેનો ઉદ્દેશ્ય આસામના ગુવાહાટીમાં કામાખ્યા મંદિર તીર્થસ્થળના નવીનીકરણ અને વિકાસનો છે. મા કામાખ્યા મંદિર કામેશ્વરી તરીકે પણ ઓળખાય છે, જે ઈચ્છાની દેવીને સમર્પિત છે, તે ગુવાહાટીમાં નીલાંચલ પર્વત પર સ્થિત છે.

➤ **નેશનલ હેલ્થ ક્લેમ એક્સચેન્જ (HCX)**

નેશનલ હેલ્થ ઓથોરિટીએ તાજેતરમાં આયુષ્માન ડિજિટલ મિશન (ABDM) હેઠળ નેશનલ ક્લેઈમ એક્સચેન્જ–સેન્ડબોક્સમાં સહભાગિતાને આમંત્રણ આપ્યું છે. હેલ્થ ક્લેઈમ્સ એક્સચેન્જ (HCX) એ આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) હેઠળ એક નવી પહેલ છે જેનો ઉદ્દેશ્ય સ્વાસ્થ્ય દાવાઓમાં આંતર કાર્યક્ષમતા લાવવા અને દાવાની પતાવટની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો છે. દેશમાં હેલ્થ ઈન્સ્યોરન્સ ક્લેમ એક્સચેન્જની વર્તમાન મેન્યુઅલ અને નોન–ડિજિટલ પ્રક્રિયા દ્વારા ઊભા થયેલા પડકારોના ઉકેલ તરીકે 23 સપ્ટેમ્બર, 2022ના રોજ નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) દ્વારા HCXની જાહેરાત કરવામાં આવી હતી.


➤ **ફૂડ સ્ટ્રીટ પહેલ**

ભારતના આરોગ્ય મંત્રાલયે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય સાથે ભાગીદારીમાં દેશભરના 100 જિલ્લાઓમાં 100 ફૂડ સ્ટ્રીટ્સના વિકાસની દરખાસ્ત કરી છે. આ પહેલનો ઉદ્દેશ્ય ખાદ્ય ઉદ્યોગોમાં સલામત અને આરોગ્યપ્રદ પ્રથાઓને પ્રોત્સાહન આપવા, ખોરાકજન્ય બીમારી ઘટાડવા અને સમગ્ર આરોગ્યની સ્થિતિ સુધારવાનો છે. ખાદ્ય ઉદ્યોગોને શ્રેષ્ઠ પ્રથાઓ દર્શાવવા માટે આ પહેલ પ્રાયોગિક યોજના તરીકે લાગુ કરવામાં આવશે. પહેલના ફાયદાઓમાં રોજગારીનું સર્જન, પ્રવાસન ક્ષમતામાં સુધારો અને અર્થતંત્રને વેગ આપવાનો સમાવેશ થાય છે. આ પહેલ રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) દ્વારા MoHUA અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ના ટેકનિકલ સમર્થન સાથે અમલમાં મૂકવામાં આવે છે. FSSAIની માર્ગદર્શિકા મુજબ પ્રમાણભૂત બ્રાન્ડિંગ હેઠળ 60:40 અથવા 90:10ના ગુણોત્તરમાં પૂરા પાડવામાં આવેલ NHM હેઠળ સહાય સાથે ફૂડ સ્ટ્રીટ/જિલ્લા દીઠ રૂ.1 કરોડની નાણાકીય સહાય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **શ્રી જગદીશ ચંદ્ર બોઝની શોધ સંબંધિત તાર્કિક વિસ્તરણ**



તાજેતરમાં તેલ અવીવ યુનિવર્સિટીના સંશોધકોએ શોધી કાઢ્યુ છે કે જ્યારે છોડ પાણીની જરૂરિયાત જેવા તણાવમાં હોય ત્યારે અલ્ટ્રાસોનિક રેન્જમાં વિશિષ્ટ, ઉચ્ચ–પીચ અવાજો ઉત્સર્જન કરે છે. આ શોધને ભારતના પ્રખ્યાત વૈજ્ઞાનિક જગદીશ ચંદ્ર બોઝના કાર્યના તાર્કિક વિસ્તરણ તરીકે જોવામાં આવે છે. છોડ આનંદ અને દુ:ખ જેવી વિવિધ સંવેદનાઓ અનુભવી શકે છે તે તેમનું પ્રદર્શન આધુનિક વિજ્ઞાનમાં તેમના કાર્યની સતત સુસંગતતા દર્શાવે છે.

➤ **યુરોપનું સૌથી શક્તિશાળી પરમાણુ રિએક્ટર ઓલ્કિલ્યુટો-3**



યુરોપના સૌથી શક્તિશાળી પરમાણુ રિએક્ટર ઓલ્કિલ્યુટો 3 (Olkiluoto3)એ ફિનલેન્ડમાં તેના મૂળ પૂર્ણ થવાના સમયના 14 વર્ષના વિલંબ પછી તાજેતરમાં નિયમિત ઊર્જાનું ઉત્પાદન કરવાનું શરૂ કર્યુ છે. 1600 મેગાવોટની ક્ષમતા ધરાવતું આ મોઘું રિએક્ટર માર્ચ 2022માં ફિનિશ નેશનલ પાવર ગ્રીડ સાથે જોડાયેલું છે અને ફિનલેન્ડના ઊર્જા ઉત્પાદન અને ગ્રીન એનર્જીમાં સંક્રમણમાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. ઓલ્કિલ્યુટો 3નું બાંધકામ 2005માં શરૂ થયું હતું. અને તેમાં નોંધપાત્ર વિલંબ થયો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં કયા દેશમાં નેવાર સમુદાયે 14 એપ્રિલના રોજ તેમના નૂતન વર્ષ પ્રવેશ આગમનની ઉજવણીના ભાગરૂપે બિસ્કા જાત્રા ઉત્સવ મનાવ્યો હતો ? – નેપાળ

2. ભારતીય પ્રાણીશાસ્ત્રીય સર્વેક્ષણ (ZSI)ના સંશોધકોએ _____ રાજ્યના દક્ષિણ ગારો હિલ્સ જિલ્લાની સિજુ ગુફામાંથી દેડકાની એક નવી પ્રજાતિ શોધી કાઢી છે. – મેઘાલય

3. તાજેતરમાં કયા દેશે 'ઈન્ટરનેશનલ એવિએશન સેફ્ટિ એસેસમેન્ટ'નું આયોજન કર્યું હતું ? – અમેરિકા

4. કયા દેશે Xylazine દવાને ઉભરતા જોખમ તરીકે જાહેર કરી છે ? – અમેરિકા

5. અરૂણાચલ પ્રદેશમાં કેટલી ITBP બટાલિયન તૈયાર કરવામાં આવશે ? – 6

6. કયા સશસ્ત્ર દળે પ્રાદેશિક પ્રદૂષણ પ્રતિભાવ કવાયત 'RPREX-2023' શરૂ કરી છે ? – ભારતીય કોસ્ટગાર્ડ

7. પ્રથમ 'ગ્લોબલ બૌદ્ધ પરિષદ'નું યજમાન કયો દેશ છે ? – ભારત

8. તાજેતરમાં કયા રાજ્યએ 'એ–હેલ્પ પ્રોગ્રામ' શરૂ કર્યો છે ? – ઉત્તરાખંડ

9. તાજેતરમાં કઈ સંસ્થાએ 'સ્ટેટ્સ ઓફ વુમન ઈન એગ્રીફૂડ સિસ્ટમ રિપોર્ટ' બહાર પાડ્યો છે ? – FAO

10. તાજેતરમાં કયા દેશમાં 'ચક્રવાત ઈલ્સા' ત્રાટક્યું હતું ? – ઓસ્ટ્રેલિયા

11. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને 'ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ'ની કેટલામી બેઠક યોજાઈ હતી ? – 39મી

12. તાજેતરમાં સમાચારમાં રહેલ સુશ્રી બલજિત કૌર શેની સાથે સંકળાયેલ છે ? – પર્વતારોહણ
(માઉન્ટેન ગર્લ તરીકે જાણીતા હિમાચલ પ્રદેશના માઉન્ટેનિયર સુશ્રી બલજિત કૌરનું વિશ્વના સૌથી ઊંચા શિખર ઉપરથી સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. બરફના તોફાનો વચ્ચે તેઓ લાપતા થયા હતા.)

13. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઉત્તરામેરુર શિલાલેખ' કયા રાજ્યમાં જોવા મળે છે ? – તમિલનાડુ

14. 'સતુઆની અને જુર સીતલ' તહેવારો કયા રાજ્યમાં ઉજવવામાં આવે છે ? – બિહાર

15. તાજેતરમાં ચીનના કયા શહેરમાં એક હોસ્પિટલમાં આગ લાગતા 21 લોકોના મૃત્યુ થયા હતા ? – બેઈજિંગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. 'ઈન્સીડેન્ટ મેનેજમેન્ટ સર્વિસ' કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંબંધિત છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય

17. ભારતમાં 'G20 સ્પેસ ઈકોનોમી લીડર્સ મીટિંગ'નું આયોજન કયું શહેર કરી રહ્યું છે ? – શિલોંગ

18. અમદાવાદના _____ ખાતે નિર્માણધીન ઓક્સિજન પાર્ક ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. – સોલા

19. વર્જીનિયા નોરવુડ, જેનું તાજેતરમાં નિધન થયું હતું, તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – એરોસ્પેસ

20. કયો દેશ 'SCO મિલેટ્સ ફૂડ ફેસ્ટિવલ'નું યજમાન છે ? – ભારત

21. કયું શહેર 'કમ્પ્રેસ્ડ બાયોગેસ પર ગ્લોબલ કોન્ફરન્સ'નું યજમાન છે ? – નવી દિલ્હી

22. રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી _____ વચ્ચે 95 કિ.મી. લંબાઈનો રસ્તો બનાવશે. – સાપુતારા

23. તાજેતરમાં કયા રાજ્યએ 'ડો.બી.આર.આંબેડકર એવોર્ડ'ની ઘોષણા કરી છે ? – તેલંગાણા

24. 'કિસાન સંપર્ક અભિયાન કાર્યક્રમ કયા કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ? – જમ્મુ–કાશ્મીર

25. ભારતનું કયું રાજ્ય 'જળ બજેટ' અપનાવનાર પ્રથમ રાજ્ય બન્યું છે ? – કેરળ

26. PTP-NER યોજના કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી છે ? – આદિજાતિ બાબતોનું મંત્રાલય

27. ઉત્તર પેસેફિક મહાસાગરમાં દરિયાઈ કાટમાળના સંચયને શું નામ આપવામાં આવ્યું છે ? – ગ્રેટ પેસિફિક ગાર્બેજ પેચ

28. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં મુન્નારના 'રાઈસ ટસ્કર' અરીકોમ્બન (જંગલી હાથી)ને પરમ્બીકુલમ ટાઈગર રિઝર્વમાં સ્થળાંતરિત કરવાના નિર્દેશ આપતા _____ હાઈકોર્ટના આદેશ સામે સરકારની અપીલને ફગાવી દીધી હતી. – કેરળ


29. હુરુન દ્વારા ગ્લોબલ યુનિકોર્ન ઈન્ડેક્સ 2023 અનુસાર _____ ભારતમાં ટોચના યુનિકોર્ન છે. – સ્વિગી, ડ્રીમ 11, BYJU'S

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નકશા નં - 13

## ભારત | ભારતના વિશ્વ ધરોહરમાં સમાવિષ્ટ સ્થળો

એપ્રિલ, 2023ની સ્થિતિએ




**નોંધ :** (1) ભારતમાં કુલ 40 વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. જેમાં 32 સાંસ્કૃતિક, 7 કુદરતી અને એક મિશ્ર સાઈટનો સમાવેશ થાય છે.

(2) વિશ્વમાં સૌથી વધુ વર્લ્ડ હેરિટેજ સાઈટ ધરાવતા દેશ : ઈટાલી (58), ચીન (56), જર્મની (51). (એપ્રિલ 2023ની સ્થિતિએ)

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT